સ્પે.દી.દાવા નં.૧૦૪/૨૦૧૪

વાદીની દરમ્યાન મનાઈ હુકમ ની આંક–૫ તથા ૬ ની અરજી નીચે હુકમ.

(૧)વાદી ઘ્વારા આંક ૫ ની અરજી દીવાની કાર્યરીતી સંહીતા,૧૯૦૮ હુકમ ૩૯ રુલ ૧,૨ કલમ ૧૫૧ અન્વયે દરમ્યાન મનાઈ હુકમ મેળવવા તથા આંક ૬ થી દીવાની કાર્યરીતી સહીતા,૧૯૦૮ હુકમ ૪૦ રુલ ૧ અન્વયે રીસીવર નીમવા અરજી દાખલ કરેલ છે.બંન્ને અરજી બાબતે સંયુકત સુનવણી થયેલ હોય,કોમન ઓર્ડર થી બંન્ને અરજીઓ નીર્ણીત કરવામાં આવેલ છે.

(૨)વાદીપક્ષે આંક–૫ થી દરમ્યાન મનાઈ હુકમની અરજી દાખલ કરી પારા–૧૩ માં નીચે મુજબની દાદ દાવાના આખરી નિકાલ સુધી માંગેલ છે.

આ કામના પ્રતિવાદી નં.૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૯,૨૧ અને ૨૨ ના દાવાના પેરા નં.૧૨ મા જણાવેલ વાદગ્રસ્ત મીલકત સબંધે કોઈપણ પ્રકારના કોઈ વેચાણ,વ્યવહાર કે ગિરો,એસાઈન, ભાગીદારી કે મોરગેજ કે ઈતર કોઈપણ રીતે તબદીલીનો કોઈ વ્યવહારકરે કરાવે નહી તેમજ સદર વિવાદીત વાદગ્રસ્ત મીલકતમા જાતે કે તેમના નોકર ચાકર કે એજન્ટ મારફતે વાદગ્રસ્ત મીલકતમાં કોઈપણ પ્રકારનુ ખોદકામ, બાંધકામ કે ડેવલપીગ કરાવે કે અવેજ મેળવવા કે બાનાની રકમો મેળવવા કે કરજ બોજો કે ધિરાણ મેળવવા કોઈ કાર્યવાહી દાવાના આખર નિકાલ સુધી કરે કરાવે નહી તથા દાવાવાળી વાદગ્રસ્ત મીલકત દાવાની તારીખે જે ખુલ્લી રહેલ છે તે મુજબ યથાવત જાળવી રાખે તેવો મનાઈ હુકમ જણાવેલા પ્રતિવાદીઓ વીરુઘ્ધ ફરમાવવા મહે.થશે.

(૩)પ્રતિવાદીઓને દાવા કામે સમન્સ નોટીસની બજવણી કરવામાં આવતા પ્રતિ.નં.૧૦ થી ૧૬ વતી દાવાના પ્રોસેસ સો પ્રથમ પ્રતિવાદી નં ૧૭ ની પત્નિ ઘ્વારા સ્વીકારવામાં આવેલ ત્યારબાદ અન્ય પ્રતિવાદીઓ હાજર થયેલ અને પ્રતિવાદી નં ૧૦ થી ૧૬ દાવાના દાખલ થતાં પહેલા અવસાન પામેલ હોવાનું જાહેર કરી મરણના દાખલાઓ રજુ કરેલ હોવાથી, વાદીપક્ષે તેમને ડીલીટ કરવામા આવેલ છે. પ્રતિવાદી નં.૩,૪ ૬ થી ૯,૧૯ તથા ૨૨ તરફે આંક–૨૯ થી વાદીના દાવાનો જવાબ તથા દરમ્યાન મનાઈ હુકમની અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ છે. પ્રતિવાદી નં.૧,૨ તરફે આંક–૧૨ થી દાવા જવાબ તથા મનાઈ હુકમની અરજીનો જવાબ રજુ કરવામા આવેલ છે. પ્રતિવાદી નં ૧૮ પક્ષે આંક ૩૩ થી વાદીના દાવાનો દાવાજવાબ/ તથા મનાઈહુકમની અરજીનો સંયુકત જવાબ રજુ કરવામાં આવેલ છે. વાદીપક્ષે આંક–૪૧ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરવામા આવેલ છે.

(૪)વાદીપક્ષે આંક–૩૫ તથા આંક–૭૦ થી લેખીત દલીલ રજુ કરવામા આવેલ છે. પ્રતિવાદી નં.૧૭ તરફે આંક–૭૩ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે. પ્રતિવાદી નં.૧,૨,૪ થી ૯,૧૯,૨૧ તથા ૨૨ તરફે વિ.વકીલશ્રી દવારા અદાલત સમક્ષ મૌખિક દલીલ કરવામાં આવેલ છે.

(૫)વાદીપક્ષે વિ.વ.શ્રીએ પોતાની મનાઈ હુકમની અરજીના સમર્થનમાં માર્ક–૪/૧ થી ૪/૧૪, માર્ક–૩૭/૧ થી માર્ક–૩૭/૭, માર્ક–૫૫/૧ માર્ક–૫૫/ર, માર્ક–૭૧/૧ થી માર્ક–૭૧/૧ર, તથા માર્ક–૪૪/૧,ર થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૬)પ્રતિવાદી નં.૧,ર પક્ષે વિ વકીલશ્રી માર્ક–૧૩/૧ થી ૧૩/૧૪ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. પ્રતિવાદી નં.૩,૪ તરફે માર્ક–૩૦/૧ થી ૩૦/૯ સુધી દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે. પ્રતિવાદી નં.૧૭ તરફે માર્ક–૫૩/૧ થી દસ્તાવેજી પુરાવા રજુ કરવામા આવેલ છે. પ્રતિવાદી નં.૧૮ તરફે માર્ક–ર૮/૧ થી માર્ક–ર૮/ર સુધી દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૭)વાદીની દરમ્યાન મનાઈહુકમની અરજી તથા રીસીવર ની અરજી નીણીત કરવા અર્થે અદાલત સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થયેલ છે.

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(ર) શું અગવડતા સગવડતા નું પલ્લું વાદીની તરફેણ માં રહેલ છે ?

(૩) શું મનાઈ હુકમ નામંજુર કરવાથી વાદીને નાણા માં ન વાળી શકાય તેવું નુકશાન થવાની સંભાવના છે ?

(૪) શું રીસીવર ની અરજી મંજુર કરવા પાત્ર છે ?

(૫) શું હુકમ ?

(૮)ઉપરોકત મુદાઓ પરત્વે ના મારા ઉતરો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(ર) નકારમાં.

(૩) નકારમાં.

(૪) નકારમાં.

(૫) આખરી હુકમ મુજબ.

//**<u>કા ર ણ ો</u>**//

(૯)વાદી પક્ષે વિ. વકીલશ્રી એ આંક–૩૫ તથા આંક–૭૦ થી લેખીત દલીલ રજુ કરેલ છે. લેખીત દલીલ વંચાણે લેવામા આવે તો, વાદી વ.શ્રીના કથન મુજબ દાવા કામે દિવાની પર.અરજી નં.૧૧/૭૫ નુ રેકર્ડ જોવામા આવે તો, આ કામના પ્રતિવાદી રવજીભાઈ હીરાભાઈ પટેલ દાવાવાળી જમીનના ભાડુઆત હોવાનુ પ્રતિવાદી રવજીભાઈ હીરાભાઈ પટેલ દવારા જે તે સમયે ભાવનગર સીવીલ જજ સમક્ષ રજુઆત કરવામા આવેલ છે. ગુજરનાર પ્રભુદાસભાઈ ગુલાબચંદ શાહ તા.ર૮/૧ર/૭૪ ના રોજ અવસાન પામેલ હોવાનુ કોર્ટ રેકર્ડ ઉપરથી જણાઈ

આવે છે જયારે દિવાની ૫૨.અ.નં.૧૧/૭૫ ની અરજી તારીખ ૨૭/૧/૧૯૭૫ ના રોજ વારસા સર્ટીફીકેટ મેળવવા દાખલ કરવામા આવેલ અને તે અરજી શ્રીમતિ નવલબેન મુળચંદ શાહ અને શ્રીમતિ કંચનબેન ડાયાલાલ શાહ વચ્ચે થયેલ હોવાનુ માલુમ પડે છે. તે અરજી કામમાં વાદગ્રસ્ત જમીન શેડયુઅલ ઓફ પ્રોર્ટી તરીકે જાહેર કરવામા આવેલ છે જેમા તા.૨૮/૨/૧૯૭૫ ના રોજ આ શેડયુઅલ ઓફ પ્રોપર્ટીમા પાકા મકાનો દર્શાવવામા આવેલ છે સર્વે નં.૧૯/૧ ની જમીન અને મકાન એમ કુલ બે પ્રોપર્ટીને દિવાની ૫૨.અ.નં.૧૧/૭૫ માં દર્શાવવામા આવેલ છે દિવાની ૫૨.અ.નં.૧૧/૭૫ કામે આસીસ્ટન્ટ પ્લીડર ભાવનગર દવારા આંક–૨૧ થી રજુ થયેલ જવાબની વિગતો ધ્યાને લેતા જવાબમાં સર્વે નં.૧૯/૧ ની જમીન લેન્ડ એકવીઝેશન થયા હોવાનુ જણાઈ આવે છે અને ગુજ.પ્રભુદાસભાઈ ગુલાબચંદને તે જમીનમાં કોઈ હકક નહી હોવાનુ જાહેર કરવામા આવેલ છે. જે અરજી કામે તા.૧૯/૪/૭૯ ના રોજ આંક–૨૫ થી મુદા ઘડવામા આવેલ જે પૈકી મુદા નં.૫ જોવામા આવે તો, અરજીના વાંધેદાર રવજીભાઈ હીરાભાઈ ભાડુઆત છે કે કેમ? તે સાબીત કરવા બાબતેનો મુદો ઘડવામા આવેલ હતો. જે બાબત ધ્યાને લેતા પ્રતિવાદી રવજીભાઈ હીરાભાઈ પટેલદવારા શા માટે ભાડુઆત હોવાની માત્ર રજુઆત કરવામા આવેલ અને સને–૧૯૭૫ મા શા માટે ગુજ.પ્રભુદાસભાઈ ગુલાબચંદના કહેવાતા વીલ વારસ કબજેદાર હોવાની લેખીત કે મૌખિક રજુઆત અદાલત સમક્ષ કરવામા આવેલ નથી તકરારી કહેવાતા વીલ કે જે માર્ક–૩૭/૨ થી રજુ થયેલ છે તે વસીયતનામુ શા માટે રવજીભાઈ હીરાભાઈએ રજુ કરેલ નથી. માર્ક–૩૭/૨ ના વીલ મુજબ રવજીભાઈ હીરાભાઈ ઉપરાંત હીરાભાઈના ચારેય દીકરા નારણભાઈ હીરાભાઈ, લલુભાઈ હીરાભાઈ તથા તળશીભાઈ હીરાભાઈ દિવાની ૫૨.અરજીમાં વાંધેદાર બનેલ નથી અને જો બનેલ હોય તો, શા માટે કહેવાતા વીલથી વારસ કબજેદાર તરીકેનુ કહેવાતુ સ્ટેટસ આ કામના ચારેય પ્રતિવાદીઓ રવજીભાઈ હીરાભાઈ વિગેરે નામદાર કોર્ટ સમક્ષ વીલને રજુ કરેલ નથી કે વીલના આધારે વાંધો લીધેલ નથી. માત્ર સર્વે નં.૧૯/૧ મા આવેલ મકાન સબંધેના ભાડુઆતની તકરાર ઉપસ્થિત કરેલ છે તેવુ રેકર્ડ ઉપરથી જણાઈ આવતુ હોય ત્યારે પ્રથમદર્શનીય રીતે માર્ક–૩૭/૨ વાળુ વસીયતનામુ બોગસ અને શંકાસ્પદ હોવાનુ અને આ વીલના આધારે ભાવનગરના તમામ ન્યાયાલયો સમક્ષ કરવામા આવેલ કાર્યવાહી કોર્ટને છેતરીને કરવામા આવેલ હોવાનુ સ્પષ્ટ પુરવાર થાય છે. સ.નં.૧૯/૧ ની જમીન ગમે તે પ્ર કારે પડાવી લેવા,ઓળવી લેવા પ્રયત્ન કરી નામદાર કોર્ટને ઈન્સ્ટુમેન્ટ બનાવી પ્રતિવાદી રવજીભાઈ હીરાભાઈ પટેલ વિગેરે દવારા કોર્ટ કાર્યવાહી કરી પ્રતિ.નં.૧,૨ના જોગ માર્ક–૪/૧ વાળુ અઘાટ વેચાણ લેખ નોંધાવી આપેલ છે તે પ્ર થમદર્શનીય રીતે ગેરકાયદેસર બીનઅમલી રદબાતલ થવાને પાત્ર છે. દિવાની ૫૨.અ.નં.૧૧/૭૫ નુ રોજકામ ધ્યાને લેતા આ અરજી તા.૨૭/૧/૭૫ ના રોજ રજુ થયેલ હોવાનુ જણાઈ આવે છે. સદર અરજી કામે તા.૨૭/૧/૭૫ થી તા.૩૧/૮/૯૫ સુધીનુ કોર્ટ કેસનુ રોજકામ વાદી તરફે તા.૨૧/૧૦/૨૦૧૪ ના રોજ રજુ દસ્તાવેજી પુરાવાથી રજુ કરવામા આવેલ છે રોજકામ વંચાણે લેવામા આવે તો તા.૩૧/૮/૯૫ સુધી અરજી કામે ગુજ.પ્રભુદાસ ગુલાબચંદને રવજીભાઈ હીરાભાઈ વિગેરે જો કહેવાતુ વીલ કરી આપ્યાની રજુઆત કરવામા આવેલ નથી એ હકીકત ધ્યાને લેતા બનાવટી બોગસ ડોકયુમેન્ટ તૈયાર કરવામા આવેલ હોવાનુ જણાઈ આવે છે. માર્ક–૪/૧ થી રજુ થયેલ દસ્તાવેજ જોવામા આવે તો, ગુજ.પ્રભુદાસભાઈ ગુલાબચંદના કોઈ વારસદારોએ તે દસ્તાવેજ કરી આપેલ નથી

અને આ દસ્તાવેજ રવજીભાઈ હીરાભાઈ, લલુભાઈ હીરાભાઈ,નારણભાઈ હીરાભાઈ અને તળશીભાઈ હીરાભાઈના સંતાનોએ કરી આપ્યાનુ જણાઈ આવે છે ત્યારે માર્ક–૪/૮ થી રજુ થયેલ ગામ નમુના નં.૬ એન્ટ્રી નં.૩૮૪૪ તા.૧૬/૪/૧૩ ની નોંધ વંચાણે લેવામા આવે તો રવજીભાઈ હીરાભાઈ વિગેરેની એન્ટ્રી તા.૧૭/૫/૧૩ ના રોજ મામલતદાર ભાવનગરે નામંજુર કરેલ જેમા સ.નં.૧૯/૧ પૈકી ૩ કોલમ નં.૩ માં દર્શાવવામા આવેલ છે. માર્ક–૪/૯ થી રજુ થયેલ એન્ટ્રી નં.૩૬૭૮ તા.૧૫/૭/૧૦ ની વંચાણે લેતા મામલતદારશ્રી ભાવનગરે તા.૩૧/૧૦/૧૦ ના રોજ નામંજુર કરેલ હોવાનુ જણાઈ આવે છે. જયારે રેવન્યુ એન્ટ્રી નં.૩૬૭૭,૩૮૦૮ કે જે માર્ક–૪/૧૦,૪/૧૧ થી રજુ થયેલ ધ્યાને લેતા પણ જણાઈ આવે છે. દાવા કામે માર્ક–૪/૧૩ થી એડવોકેટ વૃજલાલ કાંતિલાલ શાહ ભાવનગરનુ સોગંદનામુ વંચાણે લેતા આ સોગંદનામુ તા. ૩૧/૧/૧૯૯૭ ના રોજ કરવામા આવેલ છે તેમા પેરેગ્રાફ નં.૩ માં એવુ જણાવવામા આવેલ છે કે, "આજથી દસ વર્ષ પહેલા મારી ઓફીસે શ્રીરવજીભાઈ હીરાભાઈ પટેલ તેમના ભાઈ લલુભાઈ હીરાભાઈ એમ બે જણા આવેલા તે મને મળેલ. અગાઉથી ટાઈપ કરાવેલ બે ત્રણ પાનાનો કાગળ આપેલ અને જે કાગળના લખાણ નીચે કોઈની સહી હતી નહી શ્રી રવજીભાઈ અને લલુભાઈએ મને એવુ કહેલુ કે આ ટાઈપ કરેલુ લખાણ સારા અક્ષરે ફુલ સ્કેપ કાગળમા લખવાનુ છે તેથી તેમના કહેવા મુજબ મને જે ટાઈપ કરેલ કાગળો આપેલા તેનો ઉતારો શબ્દસહ ફુલ સ્કેપ કાગળો ઉપર કરેલો અને તે કાગળ નીચે તેઓ મારા મિત્ર હોવાથી તેમના કહેવા મુજબ તેમના વિક્ષ્વાસે તા.૧૧/૧૦/૭૪ ની મારી સહી કરી નાખી છે. મારી રુબરુ વીલ કરનાર કે કોઈ સાક્ષીએ સહી કરી નથી કે તેઓ મારી ઓફીસે આવ્યા નથી મે કોઈની ઓળખાણ આપેલ નથી" આ લખાણ વંચાણે લેતા સ્પષ્ટપણે સાબીત થાય છે કે પ્રભુદાસભાઈ ગુલાબચંદના અવસાન બાદ પ્રતિવાદીઅ રવજીભાઈ હીરાભાઈ વિગેરેએ બનાવટી બોગસ વીલ ઉભુ તેનો સાચા તરીકે ઉપયોગ કરી જમીન પડાવી લેવા સફળ થયેલ હોય,હુકમ મેળવી પૂતિનં.૩,૪,૫,૧૯ નાએ ખોટા ડોકયુમેન્ટના આધારે ભાવનગરના તમામ ન્યાયાલયને અંધારામા રાખી છળકપટથી હુકમો મેળવેલ હોવાનુ સ્પષ્ટ થતુ હોય તેમા પ્રતિ.નં.૧૦ થી ૧૮ નાએ પણ મીલાપીપણુ કરેલ હોવાનુ પુરવાર થાય છે ત્યારે વાદી બોનાફાઈડ પર્ચેજર તરીકેની ભુમિકા ભજવવા માર્ક–૪/૩ થી રજુ થયેલ સાટાખત,વેચાણ કરાર ધરાવતા હોય અને અવેજની રકમ સને–૧૯૯૭ ની સાલમાં ચુકવાઈ ગયેલ હોય આ વેચાણ કરાર માર્ક–૪/૨ થી રજુ થયેલ મુખત્યારનામાના આધારે થયેલ છે ત્યારે વાદીના કાયદેસરના હકકોનુ રક્ષણ કરવુ જરુરી જણાય છે. દાવા કામે માર્ક–૪/૪ થી રજુ થયેલ ગામ નમુના નં.૭/૧૨ મા પાડવામા આવેલ રેવન્યુ એન્ટ્રી નં.૫૮૯,૧૬૦૭,૨૧૩૦,૨૧૩૧,૩૬૭૭,૩૭૨૬,૩૮૦૮ સર્વે નં.૧૯/૧ પૈકી ૧ સબંધે થયેલાનુ જણાઈ આવે છે. જયારે માર્ક–૪/૫,૪/૬ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા પ્રતિવાદી નં.૧,૨,૨૧ દવારા દાવાવાળી જમીન વેચાણ કરવા બાબતે મુકવામા આવેલ જાહેરાત વંચાણે લેતા જાહેરાત સાથે માર્ક–૩૦/૨,આંક–૮૨ ની અરજી વંચાણે લેવામા આવે તો પ્રતિ.નં.૧૦ થી ૧૬ નાએ રવજીભાઈ હીરાભાઈ વિગેરેએ ગેરકાયદેસર રીતે સાઠગાઠ કરી મોટી રકમની આપલે કરી વાંધાઓ પાછા ખેચાવી કોર્ટ કાર્યવાહી દુષિત કરી તકરારી જમીન હડપ કરી ગયેલ હોવાનુ જણાઈ આવે છે.

(૧૦)વિશેષમાં,હાલના કેસમાં ગુજ.પ્રભુદાસભાઈ ગુલાબચંદ નામની વ્યકિત પાયારુપ છે તેમના અવસાન બાદ ઉભુ થયેલ સમગ્ર કોર્ટ કેસની કાર્યવાહી સ.નં.૧૯/૧ ની જમીનમા આધાર સ્થંભ છે ગુજ.પ્રભુદાસભાઈ ગુલાબચંદની હયાતી બાદ એટલે કે તેઓના અવસાન બાદ તકસમીયા ગામની સ.નં.૧૯ પૈકી૧ ની જમીન મફતમા પડાવી લેવા સબંધીત સમયે પક્ષકારો તથા કોર્ટ ઓફીસરો તરીકે રેકર્ડ ઉપર જણાઈ આવતા ધારાશાસ્ત્રીશ્રીઓએ ગેરકાનુની કૃત્યમાં ભાગ ભજવેલ છે. ગુજ.પ્રભુદાસ ગુલાબચંદની દાવાવાળી જમીન સબંધે ફોજદારી કેસ નં.૨૬૮૦/૯૭ દિવાની પર.અ.નં.૨/૯૧, રે.દિવાની દાવા નં.૧૧૨/૯૫ દિવાની પર.અ.નં.૧૨૯/૯૦, સ્પે.દિવાની દાવા ૧૪૭/૧૦, રે.દિવાની દાવા નં.૪૦૯/૦૭, દિવાની પર.અ.નં.૧૧/૭૫ રે.દિવાની અપીલ નં.૯૨/૦૯ રે.દિવાની અપીલ નં.૧ ૨/૧૧ દાખલ થયેલ છે. દાવા કામે ૩૭/૬ થી રે.દિવાની અપીલ નં.૧૨/૧૧ કામે આંક–૬૫ થી આપવામા આવેલ ઠરાવના પાના નં.૧૪ ઉપર એવુ જણાવાયેલ છે કે, પર.દિવાની અરજી નં.૨/૯૧ ના કામે તા.૩/૭/૧૦ ના રોજ આંક–૫૦ થી ભાવનગરના એડી.સીનીયર સીવીલ જજ સાહેબ દવારા કરવામા આવેલ હુકમ રદ કરવામા આવે છે. પર.દિવાની અરજી નં.૨/૯૧ વીલ માની સહી સંદર્ભે બંને પક્ષકારોને પુરાવો રજુ કરવાની પુરતી અને વ્યાજબી તક આપી કેસનો ગુણદોષ ઉપર નિકા થવા માટે રીમાન્ડ કરવા, પક્ષકારોએ નીચેની અદાલત સમક્ષ તા.૧૭/૬/૧૧ ના રોજ હાજર રહેવા, નીચેની અદાલતનુ રેકર્ડ મોકલી આપવા તા.૨૭/૫/૧૧ ના રોજ હુકમ કરવામા આવેલ. એટલ ે કે આ કામના પ્રતિવાદી નં.૩,૪,૫ અને ૧૯ ની તરફેણમા તા.૩/૭/૧૦ ના રોજ પ્રોબેટ કાઢી આપવા થયેલ ઠરાવ રદ કરી નાખવામા આવેલ હોય સદર હુકમને ઉપલી અદાલત સમક્ષ રદ કરાવવા પ્રતિવાદી તરફે અપીલ,રીવીઝન રજુ કરેલ નથી જે હકીકત ઉપરથી ગુજ. પ્રભુદાસભાઈ ગુલાબચંદના વસીયતનામા સબંધે રવજીભાઈ હીરાભાઈ વિગેરેના કોઈ હકક પ્રાપ્ત થતો નથી કે પ્રોબેટ સબંધે રેવન્યુ રેકર્ડમા કોઈ એન્ટ્રી કરાવવા કોઈ કાયદેસરનો હકક પ્રાપ્ત થતો નથી. ગુજરાત રાજયમાં કોઈપણ વસીયત કે વીલ ખેતીની જમીન સબંધે થયેલ હોય ત્યારે ખરેખર કોઈ કાયદાકીય આવશ્યકતા રહેલ નથી તેમ છતા રવજીભાઈ હીરાભાઈ વિગેરેએ સને–૧૯૭૫ થી ૨૦૧૩ સુધી શા માટે ભાવનગરના મહે.ન્યાયાલયો સમક્ષ કાર્યવાહી કરી તે બાબત પરથી બનાવટી વીલના આધારે અદાલતોને ઈન્સ્ટુમેન્ટ બનાવી સ.નં.૧૯/૧ ની જમીન પડાવી લીધેલ છે. નામદાર એપેલેટ કોર્ટના તા.૨૭/૫/૧૧ ના હુકમ બાદ જે હુકમ બાદ તા.૨૬/૧૧/૧૦ ના રોજ માર્ક–૪/૧ વાળો વેચાણ દસ્તાવેજ પ્રતિ.નં.૧,૨ના જોગનો સબ રજીસ્ટ્રાર ભાવનગરમા નોંધાઈ ગયેલ છે જે જોતા ગુજ.પ્રભુદાસ ગુલાબચંદના અવસાન બાદ દરેક પક્ષકારે પોત પોતાની લાભની રકમ રવજીભાઈ હીરાભાઈ પાસેથી મેળવી લઈ પોત પોતાની ભાવનગર ન્યાયાલય સમક્ષ ઉઠાવેલ તકરારો જતી કરી પોતાનુ હીત સાધી લીધેલ છે. ત્યારે દિવાની પર.અ.નં.૨/૯૧ કામે કોર્ટ પ્રોસીડીંગ શરુ હોવા દરમ્યાન કરી આપેલ વેચાણ કરાર કે જે માર્ક–૪/૩ થીરજુ થયેલ છે જે અસ્તિત્વમા હોય,અમલમા હોય આજદીન સુધી રદ થયેલ ન હોય તે વેચાણ કરારમાં તેના અમલની કોઈ સમય મર્યાદા નકકી થયેલ ન હોય, દાવા કામે આંક–૮ થી કોર્ટ કમીશ્નરશ્રી દવારા કરવામા આવેલ દાવાવાળી જમીનનુ પંચનામુ તથા નકશો ધ્યાને લેતા તે જમીન ખુલ્લી હોવાનુ જણાઈ આવે છે ત્યારે મનાઈ હુકમ નામંજુર કરવાથી અનેક દાવા દુવી મલ્ટીપ્લીટી પ્રોસીડીંગ થાય તેમ હોય માગ્યા

મુજબ દરમ્યાન મનાઈ હુકમ વિકલ્પે યથાવત પરીસ્થિતિનો હુકમ અન્યથા કોર્ટ કમીશનરની નિયુકતી કરવા હુકમ કરવા વિનંતી કરવામા આવેલ છે.

(૧૧)દાવા કામે માર્ક–૩૭/૭ થી રજુ થયેલ રે.દિવાની મુકદમા નં.૧૧૨/૯૫ ના ઠરાવ પાના નં.૯ પેરેગ્રાફ નં.૧૩ વંચાણે લેતા રવજીભાઈ હીરાભાઈ પટેલ વિગેરે વાદીઓનો કેસ નામંજુર કરેલ. જે જજમેન્ટ નામદાર એમ.જી.રાવલજી સાહેબ સેકન્ડ એડી.સીનીયર સીવીલ જજ સાહેબ દવારા તા.૧૬/૯/૧૦ ના રોજ આપવામા આવેલ છે જેમા પણ તે કેસના પ્રતિ.નં.૫ નાએ જે જમીન ખરીદ કરેલ છે તે વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હોવાનુ જણાવેલ છે જેમા પ્રતિ.નં.૫ મહેન્દ્રગીરી ગોસ્વામી દર્શાવેલ છે જે કેસની સ.નં.૧૯/૧ ની જમીન ૪–એકર ૩૩ ગુઠાના માલીક તરીકે (૧) સમરતબેન રતીલાલ વકાણી (૨) અનોપચંદ રતીલાલ હકાણી (૩) રમણીકભાઈ રતીલાલ હકાણી (૪) પ્રતાપભાઈ રતીલાલ હકાણીની માલીકીની હોવાનુ જણાવાયેલ છે ત્યારે કહેવાતા કોઈ વીલનો પ્રશ્ન રહેતો ન હોય તેમ છતા ચાલેલા પ્રોસીડીંગ્સ અત્રે ઘણુ બધુ સુચવી જાય છે અને જમીન પડાવી લેવા બાબતે ફોજદારી ફરીયાદ પણ રજીસ્ટાર મારફતે નોંધાવવી જોઈએ તેવુ જાહેર કરેલ છે.

(૧૨)નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ વાદી દવારા સ્પે.સીવીલ એપ્લી.નં.૧૧૩૯૭/૧૪ દાખલ કરવામા આવેલ જે કામે તા.૩૦/૬/૧૫ ના રોજ કલેકટશ્રી ભાવનગરને સ.નં.૧૯/૧ ની બાઉન્ડ્રી નકકી કરી આપવા હુકમ કરેલ જે હુકમ પણ દાવા કામે રજુ રાખવામા આવેલ છે ત્યારે ગુજ.પ્રભુદાસ ગુલાબચંદની સ.નં.૧૯ ની જમીન કોણે અને કેવી રીતે કયા પક્ષકારોએ અલગ અલગ વિભાગો પડાવી ૧૯/૧ પૈકી ૧ તથા ૧૯/૧ પૈકી ૨ અને ૧૯/૧ પેકી ૩ તથા ૧૯/૧ પૈકી ૪ ની બાઉન્ડ્રી કરાવી લીધેલ છે તે ષડયંત્રનો ભાગ હોય કલેકટશ્રી ભાવનગર દવારા વાદીને સાંભળી સ્પીકીંગ ઓર્ડર કરવાનો બાકી રહે છે ત્યારે માર્ક–૪/૩ થી રજુ થયેલ વેચાણ કરારનો અમલ થતા સુધી દરમ્યાન મનાઈ હુકમ મંજુર કરવો આવશ્યક જણાય છે.

(૧૩)દાવા કામે વાદી દવારા આંક–૪૧ થી પ્રતિવાદી નં.૩,૪, ૬ થી ૯ તથા ૧૯ અને ૨૨ નાએ રજુ કરેલ દાવા જવાબ/જવાબ અને કોર્ટ રીસીવર નિમવાની અરજીનો જવાબ રજુ કરેલ છે તેના સંદર્ભમા કાઉન્ટરએફીડેવીટ રજુ કરેલ છે. દાવાવાળી જમીન સબંધે રવજીભાઈ હીરાભાઈ વિગરેએ સરકારશ્રીના રેવન્યુ વિભાગમા છળકપટ કરેલ હોવાનુ રેકર્ડ ઉપરથી સાબીત થાય છે. વાદી તરફેણમાં માર્ક–૪૪/૧,૪૪/૨ થી સોગંદનામા રજુ થયેલ છે. માર્ક–૪/૩ થી રજુ થયેલ વેચાણ કરનારને સાક્ષીના સોગંદનામાથી સમર્થન મળેલ છે. તેવા સંજોગોમા દસ્તાવેજ નં.૨૦૫/૧૧ જુઠો બનાવટી અને ભળતી હકીકતો રજુ કરીને કરવામા આવેલ હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. પ્રતિવાદીઓ પૈકી કોઈપણ પ્રતિવાદી અદાલત સમક્ષ સ.નં.૧૯/૧ ની જમીન સબંધે અરસ–પરસ કે એકબીજા વીરુઘ્ધ કરેલ કોર્ટ કાર્યવાહીના કેસોની માહીતી રજુ કરતા નથી. આ ઉપરાંત વાદીની આંક–૧ ની દાવા અરજી પાના નં.૧૨ ઉપર જણાવેલ હકીકતો જેમા આજ સુધી સ્પે.દિવાની મુકદમા ૧૪૭/૧૦ નુ રેકર્ડ મળી આવતુ નથી જે શંકાસ્પદ

બાબતે તે શંકાસ્પદ બાબતને વધુ સમર્થન દસ્તાવેજ નં.૨૦૫/૧૧ ના છેલ્લા પાને જીલ્લા સરકારી વકીલશ્રીનો ઉલ્લેખ કરી કરવામા આવેલ હુકમ દવારા પ્રાપ્ત થાય છે. સ.નં.૧૯ ની જમીન સબંધે તમામ પ્રતિવાદીઓના હકકો અંધારામા ભટકે છે. ગુજ.પ્રભુદાસ ગુલાબચંદને કોઈ વારસ સંતાન હતુ નહી અને તેમના અવસાન બાદ તમામ પ્રતિવાદીઓએ સ.નં.૧૯/૧ ની જમીન કેવી રીતે મેળવી લીધી તે દાવા કામે પુરાવો નોંધ્યા પછી સાક્ષી તપાસ્યા બાદ પ્રતિવાદીઓ સાચા છે કે ખોટા થઈ શકે તેમ હોય વાદીની તરફેણમાં દરમ્યાન મનાઈ હુકમ મંજુર કરવાનુ હીતાવહ છે.

(૧૪)પ્રતિવાદી રવજીભાઈ હીરાભાઈ વિગેરે માર્ક–૩૦/૯ થી પ્રતિવાદી નં.૧૮ મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામીના સ.નં.૧૯/૧ ની જમીન પૈકીની જમીનનો દસ્તાવેજ નં.૩૦૧/૦૪ તા.૨૯/૧/૦૪ નો રજુ કરેલ છે પરંતુ પ્રતિવાદી રવજીભાઈ હીરાભાઈ પોતે કરેલ દસ્તાવેજ આખરે ઈરાદા પુર્વક રજુ કરવામા આવેલ નથી જે પણ સ.નં.૧૯/૧ ની જમીનનો છે તેજ રીતે સ.નં.૧૯/૧ પૈકી ૧ નો દસ્તાવેજ માર્ક–૪/૧ થી પ્રતિ.નં.૧,૨ દવારા રજુ કરવામા આવેલ છે ત્યારે સ.નં.૧૯/૧ ની જમીનના સાચા હકકો પુરાવાના અંતે સાબીત થાય તેમ છે. દાવા કામેના પ્રતિવાદી પક્ષકારો પૈકીના કેટલાક પક્ષકારોને રોકડથી કે ચેકથી જે પેમેન્ટ આપેલ છે તે ઓન બી હાફ ઓફ પ્રતિવાદી નં.૧,૨ દવારા ચુકવાયેલ છે જેથી પણ ગુજરનાર પ્રભુદાસભાઈ ગુલાબચંદની સ.નં.૧૯/૧ ની જમીનમાં પ્રતિવાદી નં.૧,૨ નાએ મીલાપીપણામાં દસ્તાવેજ કરાવેલ હોય તેવુ સ્પષ્ટ થાય છે ત્યારે તે વખતે ગુજ.પ્રભુદાસ ગુલાબચંદની જમીન સબંધે રચાયેલ ષડયંત્રમા પ્રતિ.નં.૧,૨ ના પણ બાકાત નથી તેવુ પુરાવાથી સાબીત થાય છે. દિવાની પર.અરજી નં.૨/૯૧ ના કામે જે જે પ્રતિવાદી પક્ષકારોએ પોત પોતાના વાંધા પરત ખેચી રવજીભાઈ હીરાભાઈ પ્રતિવાદી તરફેણમા પોતાના હકકો જતા કર્યા અંગે વાંધા પાછા ખેચ્યા તે તમામને પ્રતિ.વલ્લભભાઈ સુરેશભાઈ તથા હર્ષાબેન જીવરાજભાઈના એકાઉન્ટમાંથી પૈસા ચુકવવામા આવેલ હોવાનુ રેકર્ડ ઉપરથી જણાઈઆવે છે ત્યારે વાદીની હકીકતોને સમર્થન મળે છે.આ ઉપરાંત તમામ પ્રતિવાદીઓએ સ.નં.૧૯/૧ ની જમીન ખરીદી લીધી હોય તો વાદી જોગ થયેલ વેચાણ કરારવાળી જમીન કયા અને કઈ જગ્યાએ આવેલ છે અને કોની પાસે રહેલ છે તે હકીકત અદાલતે નિર્ણીત કરવાની રહે છે. પરંતુ તે દરમ્યાન વાદીના વેચાણ કરારના આધારે પ્રાપ્ત થયેલ હકકોનુ જતન અને રક્ષણ કરવા કામચલાઉ મનાઈ હુકમ મંજુર કરવો જરુરી છે.

(૧૫)વિશેષમાં વાદીપક્ષે લેખીત દલીલમાં મહત્વની એવી તકરાર ઉઠાવવામા આવેલ છે કે, ગુજરનાર પ્રભુદાસ ગુલાબચંદની સ.નં.૧૯/૧ ની જમીનના નામદાર અદાલત પાસે છળકપટ કરી ફ્રોડથી મેળવેલ હુકમ અને હુકમનામાના આધારે પ્રતિવાદી નં.૧,૨ ને દસ્તાવેજ કરી આપવામા આવેલ છે તેમા પ્રતિ.નં.૧,૨ નાએ માર્ક–૪/૫,૪/૬ વાળી જાહેરાતો દવારા ભાવનગર શહેરમાં મોટા મોટા બેનરો હોર્ડીગ્સ ઉભા કરી સ.નં.૧૯/૧ ની જમીનમા પ્લોટીગ કરી વેચવાની કાર્યવાહી કરી રહેલ છે. જે અનુસંધાને વાદીની ડેઈલી અખબાર સૌરાષ્ટ્ર સમાચાર મારફતે નોટીસો ઈસ્યુ કરેલ છે પરંતુ આજદીન સુધી પ્લોટ હોલ્ડર કે શિવસાગર સ્કીમમા પ્રતિ.નં.૧,૨ કે ૨૧ ને અવજે કે અવેજ પેટે કોઈ રકમ ચુકવી લકઝરીયસ બંગલો કે પ્લોટ રાખેલ હોય તેવી કોઈ હકીકત સાથે અન્ય

કોઈ ત્રાહીત વ્યકિત અદાલત સમક્ષ આવેલ નથી તેમજ પ્રતિ.નં.૧,૨ અને ૨૧ નાએ પણ કોઈને વેચાણ આપ્યુ હોય તેવો પુરાવો કે વિગત જાહેર કરેલ નથી જે દર્શાવે છે કે શિવસાગર સ્કીમવાળી જમીન ગુજ.પ્રભુદાસ ગુલાબચંદની હોવાનુ વાદી પોતે પણ માને છે તેથીજ તેવુ કોઈ વેચાણ કર્યુ ન હોવાનું અનુમાન થઈ શકે તેમ છે. તેમ છતા અદાલત સમક્ષ હકીકત છુપાવી જો કોઈ વેચાણ કરવામા આવેલ હોય તો તેવુ વેચાણ વાદીને બંધનકર્તા રહેતુ નથી.

(૧૬)પ્રતિવાદીપક્ષે વાદી ઉપર વાદી તથા પ્રતિ.નં.૧૭ નિકટના સગા થતા હોય તેઓ અન્ય સ્કીમના પાછળના ભાગે તેઓની જમીનમાં અન્ય રસ્તા હોવા છતા વાદીઓ તથા પ્રતિ.નં.૧૭ પોતાની જમીનની કીમત વધારવા અમારી સ્કીમમાંથી હકક અધિકાર વગર પરાણે રસ્તો માગવા સતત દબાણ કરી રહેલ છે જેને પ્રતિવાદીઓ તાબે ન થતા વાદી અને પ્રતિ.નં.૧૭ નાએ સાથે મળી પોતાનો અવાંતર હેતુ તથા વેરભાવના સાથે હાલનો આ દાવો કરેલ હોવાનુ આક્ષેપ કરેલ છે તે આક્ષેપ ખોટો અને લુલો બચાવ છે. વાદીને પ્રતિ.નં.૧૭ સાથે સાબા સબંધો ન હોય વાદી દવારા રજુ થયેલ કોર્ટ કેસોની માહીતી જોતા પ્રતિ.નં.૧૭ સાથે મળી હાલનો દાવો દાલખ કરેલ હોવાનુ ગણી શકાય. વિશેષમાં પ્રતિ.નં.૧,૨ તરફે આંક–૧૨ થી રજુ થયેલ જવાબ પાના નં.૯ મુજબ "અમારી સર્વે નં.૧૯/૧ પૈકી ૧ ની જમીન તથા ૧૯/૧ પૈકી ૩ ની જમીન અલગ છે ઉપરાંત ૧૯/૧ પૈકી ૨ ની જમીન ખુદ પ્રતિ.નં.૧૭નાએ ખરીદ કરી બીનખેતી કરેલ અને ડેવલપમેન્ટ કરાવેલ છે આમ, છતા તે બાબતને એકબાજુએ રાખી અમારા કાયદેસરના જમીન પરત્વેના માલીકી હકકો ઉપર તરાપ મારવા ખોટુ લીટીગેશન ઉભુ કરી તેના દવારા ગેરલાભ મેળવવાના ઈરાદે પ્ર તિ.નં.૧૭ ના વર્તી રહેલ છે". જે હકીકત પ્રસ્તુત જણાય છે કે વાદીએ પ્રતિ.૧૭ શુ સગા થાય છે તેમ પણ ચોખ્ખા હાથ. દાવામા આંક–૫ ની દલીલમાં જણાવેલ છે. તેમજ વાદીની દાવા અરજી પેરા–૭ મા પ્રતિ.નં.૧૭ વિરુઘ્ઘ પોતાને થયેલ અન્યાય બાબતે તેમજ પ્રતિ.નં.૧૭ વીરુઘ્ઘ ગંભીર આક્ષેપો લોહીના સબંધો હોવા છતા કરેલ છે. તેથી પ્રતિ.નં.૧૭ સાથે મીલાપીપણામા હાલનો કેસ હોવાનુ માની શકાય નહી કારણ કે, પ્રતિ.નં.૧ અને ૨ ના પણ રવજીભાઈ હીરાભાઈ વિગેરેના મીલાપીપણામા માર્ક–૪/૧ વાળો દસ્તાવેજી કરી લીધેલ છે એટલુ જ નહી પ્રતિ.નં.૧ ૭ સગા હોવા છતા પોતાનો લાભ બર લાવવા રવજીભાઈ હીરાભાઈના મીલાપીપણામાં પોતાની તકરારો દિવાની પર.અં.નં.૨/૯૧ કામે પાછી ખેચી લીધેલ છે તેમજ પ્રતિ.નં.૧૭ ના કે જે વાદીના સગા થાય છે તેમ છતા પ્રતિ.નં.૨ હર્ષાબેન જીવરાજભાઈ પટેલ પાસેથી રુપીયા પાંચ લાખ પુરા એસ.બી.આઈ.દરબાર થઢ શાખા ભાવનગરના ચેક નં.૧૫૫૨૪૫ તા.૨૫/૨/૧૩ થી, પ્રતિ.નં.૧ સુરેશભાઈ વલ્લભભાઈ પટેલ પાસેથી રુપીયા પાંચ લાખ ચેક નં.૦૬૮૭૨૯ થી સ્વીકારીને પોતાના વાંધા તકરાર બીનશરતી પાછી ખેચી લીધેલ હોવાનુ અને લલુભાઈ હીરાભાઈ વિગેરેની તરફેણમા પોતાના વાંધા ઉઠાવી લેતા એ તમામ હકીકતો પ્રતિ.નં.૩,૪ તરફે રજુ થયેલ માર્ક–૩૦/૨,૩૦/૩ તથા ૩૦/૪ ના દસ્તાવેજી પુરાવા ઉપરથી સ્પષ્ટ થતુ હોય, પ્રતિ.નં.૧,૨,૩ અને ૧૭ ની સાઠગાઠ રેકર્ડ ઉપર છતી થતી હોય વાદી વીરુઘ્ઘ પ્રતિ.નં.૧૭ સાથે મીલાપીપણામાં દાવો દાખલ કરેલ હોવાની તકરાર તથા આક્ષેપ ખોટા છે. જે હકીકતો અને દિ.પર.અ.નં.૨/૯૧ કામે કોર્ટ સમક્ષ અને કોર્ટની બહાર થયેલ લેખીત સમાધાન સોગંદનામાઓ, પુરાવાઓ વંચાણે લેવામા આવ તો, વાદી ચોખ્ખા હાથે દાવો લાવેલાનુ પ્રાયમાફેસી સાબીત થાય છે અને પ્રતિવાદીઓ

તમામ એકબીજાના મીલાપીપણામા રોકડ રુપીયા કે ચેકથી રુપીયા લઈ અને તેવી રકમો પ્રતિવાદી ન.૧,૨ નાએ પોતાના ભંડોળમાંથી ચુકવી હોવાનુ પુરાવો હોવા છતા, પ્રતિવાદીઓએ વાદી સાચા ન હોવાનુ વાદી અને પ્રતિવાદી નં.૧૭ વચ્ચે મીલાપીપણુ હોવાનુ પ્રતિ.નં.૧ અને ૨ તથા ૨૧ નાએ જે જમીન ઉપર દસ્તાવેજ નં.૨૦૫/૧૧ કરાવેલ છે તે જમીન ગુજરનાર પ્રભુદાસ ગુલાબચંદની જમીન ન હોવાનુ પ્રતિ.નં.૧ અને ૨ બોનાફાઈડ પર્ચેઝર હોવાનુ પ્રતિ.નં.૧,૨ નાએ રવજીભાઈ હીરાભાઈ પાસેથી જમીન ખરીદી હોવા છતા તે જમીન સબંધે ગુજ. પ્રભુદાસ ગુલાબચંદના વીલ વસીયતનામા સાથે કાંઈ લેવા દેવા ન હોવાનુ પ્રતિવાદી રવજીભાઈ હીરાભાઈ વિગેરેએ જે કાંઈ ફોર્ઝડ ડોકયુમેન્ટના આધારે ભાવનગરના ન્યાયાલયો સમક્ષ કરેલ કોર્ટની કાર્યવાહીમાં પ્રતિ. નં.૧ ,૨ નો કોઈ રોલ ન હોવાનુ પ્રતિવાદી રવજીભાઈ હીરાભાઈ વિગેરે પ્રતિ.નં.૧,૨ ને સાથે રાખીને દિવાની પર.અ.નં.૨/૯૧ ના કામે પ્રતિવાદી નં.૧૭ જે પ્રતિ.નં.૧૦ થી ૧૬ ના વાંધાઓ યેનકેન પ્રકારે પાછા ખેચાવી રવજીભાઈ હીરાભાઈ વિગેરેને મેળવી આપવામા મદદગારી કરેલ નથી તે પ્રશ્નનો ઉપર માત્ર ને માત્ર દીવાની પર.અ.નં.૨/૯૧ ન રેકર્ડ ઉપર અને અન્ય કેસોના રેકર્ડ ઉપરથી પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. તે જોતા પોતાના ગેરકાયદેસરના કૃત્યને છાવરવા વાદી ઉપર બનાવટી અને વાહીયાત આક્ષેપ કરેલ છે. સ.નં.૯૧/૧ વાળી કોઈપણ જમીનમાં બની બેઠેલા માલીકો/કબજેદારો હાલ પ્રતિવાદીઓ પૈકી કોઈપણ પ્રતિવાદીને માર્ક–૪/૩ ના વેચાણ કર્યાના આજ પર્યન્તના અસ્તિત્વ દરમ્યાન કોઈને પણ કોઈ માલીકી હકક કે કાયદેસરના કબજાનો હકક સંમપ્રાપ્ત થયેલ નથી કે મુળભુત હકીકત આધારે પણ વાદી માગ્યા મુજબ મનાઈ હુકમ મેળવવા હકકદાર છે. પ્રતિવાદી નં.૩,૪,૬,૯,૧૯,૨૨ ના પક્ષકારોએ આંક–૨૩ થી પોતાનો લેખીત જવાબ રજુ કરેલ છે તે જવાબ પાના નં.૬ પેરેગ્રાફ નં.૧૩ મા જણાવેલ હકીકતો જોતા પ્રતિવાદી રવજીભાઈ હીરાભાઈ વિગેરેએ પક્ષકારોની નબળી માનસીકતા છતી થાય છે પરંતુ પ્રભુદાસ ગુલાબચંદને કોઈ સંતાન હોવાની હકીકત સબંધે તકરાર નથી તેવુ જાહેર થાય છે. કારણ કે, ગુજ. પ્રભુદાસ ગુલાબચંદના અવસાન પછી કહેવાતુ બોગસ બનાવટી વીલ ક્રીએટ થયેલ છે અને રવજીભાઈ હીરાભાઈ વિગેરે તે બોગસ વીલનો આજ પર્યન્ત પ્રતિવાદી નં.૧,૨,૨૧ નો સાચા તરીકે ઉપયોગ કરતા આવેલ છે. આવા ગેરકાનુની કૃત્યને અને ગેરકાયદેસર કૃત્યો આચરતા તત્વો પક્ષકારોને ખોટુ કરવાનો પીળો પરવાનો સમપ્રાપ્ત થઈ ન જાય તે પણ જાણી લેવુ જોઈએ. પ્રતિ.નં.૩, ૬ થી ૯ ૧૯ અને ૨૨ તે તમામ પ્રતિવાદી રવજીભાઈ હીરાભાઈના પરીવારજનો છે જેમણે ગુજરનાર પ્રભુદાસ ગુલાબંચદની જમીન સ.નં.૧૯/૧ ની હડપ કરી લેવા ૩૮ વર્ષ સુધી ખોટા અને બનાવટી વીલના આધારે કોર્ટ કાર્યવાહીની પ્રક્રીયા કરતા આવેલ છ ત્યારે આંક–૨૯ ના પાયા વિહોણા અને બનાવટી જવાબને આધારે આંક–૫ નો નિર્ણય કરવો વાદીની દ્રષ્ટીએ ઉચીત નથી. આંક–૨૯ ના જવાબમા પ્રતિવાદીઓ ખોટુ બોલતા કે ખોટુ જણાવતા પકડાય જાય છે. નિયમ અનુસાર પ્રોબેટ મેળવવાના કોઈપણ કેસમા પુરાવો નોંધવો પડે ત્યારબાદ જ તેનો નિર્ણય થઈ શકે. ગુજરનારની સહી પણ સાબીત કરવી પડે એટલે કે વીલ લખનાર કે વીલ બનાવનારની સહીઓને સાબીત કરવી જોઈએ રોકડા કે ચેકથી પૈસા ચુકવી વાંધાઓ પાછા ખેચાવી મેળવેલ પ્રોબેટ કાયદા વીરુધ્ધ હોય માન્ય રહેવાપાત્ર નથી.એટલે કે તે અમલને પાત્ર ન હોવાથી પ્રતિવાદી નં.૧,૨ ના જોગ થયેલ દસ્તાવેજ પણ આપોઆપ રદ થવાને પાત્ર છે. ત્યારે રદ કરાવી લેવા વાદીએ દાવો કરેલ છે તે સંજોગોમા

પણ ચાલુ દાવા દરમ્યાન મનાઈ હુકમ આપવો જોઈએ. પ્રતિ.નં.૧૮ તરફે આંક–૩૩ થી દાવાનો જવાબ તથા મનાઈ હુકમની અરજીનો જવાબ રજુ થયેલ છે જે જવાબ ખરો નથી. અત્રેના કેસમા જે જે પ્રતિવાદી પક્ષકારો વાદીને ખોટા અટકાવી રહેલ છે તેજ પ્રતિવાદી પક્ષકારોએ રવજીભાઈ હીરાભાઈ વીરુધ્ધના કેસોમા કે રવજીભાઈ હીરાભાઈએ અન્ય પ્રતિવાદીઓ વીરુધ્ધ કરેલ કેસોના કામે પોત પોતાની તકરારો રજુ કરીને ગુજ. પ્રભુદાસ ગુલાબચંદના વીલ સબંધે પોતાની રજુ કરેલ તકરારોને પાછળથી પોતાનુ અંગત નાણાકીય હીત સધાઈ જતાં વાદીને ખોટા ઠરાવવા માટે રવજીભાઈ હીરાભાઈ વિગેરેની તરફેણમાં રજુ કરેલ દાવા જવાબ કે પ્રતિ.નં.૧,૨,૨૧ ની તરફેણમાં રજુ કરેલ દાવા જવાબ કે મનાઈ હુકમની અરજીના જવાબ કે કોર્ટ રીસીવરની અરજી સબંધે જવાબમાં જે હકીકતો જણાવી રહેલ છે તેનાથી પ્રતિવાદી તમામ પક્ષકારોનો બેસુરતાલ જોવા મળી રહેલ છે. કારણ કે, અત્રેના કેસમા માત્રને માત્ર વાદી કોર્ટ રેકર્ડથીજ લડી રહયા છે. વાદીને અને ગુજ.પ્રભુદાસ ગુલાબચંદ નામની વ્યકિત સાથે કોઈ હકક હીત કે સબંધ હતો નહી પરંતુ આ કામના તમામ પ્રતિવાદીઓને ગુજ.પ્રભુદાસ ગુલાબચંદની જમીનમાં અંગત હીત હતુ અને છે. પ્રતિવાદીઓએ ગુજ. પ્રભુદાસ ગુલાબચંદની ગેરહાજરીમાં નામદાર ન્યાયાલય સાથે છળકપટ કરી અપ્રમાણીક કૃત્ય કરેલ હોય, ભવિષ્યમાં કોઈ પક્ષકાર આવુ કૃત્ય કરવાની હીમત ન કરે ત્યારે પ્ર તિવાદીઓને તેમના અપ્રમાણીક કૃત્ય સામે લાલ બતી ધરવા મનાઈ હુકમ આપવા અગર તકરારી જમીનની યથાવત સ્થિતિ જાળવી રાખવા કોર્ટ રીસીવર નિયુકત કરી, પ્રતિવાદીઓ દવારા સ.નં.૧૯/૧ ની જમીનનો વહીવટ સુપ્રત કરવા હુકમ કરવો જરુરી છે.

પ્રતિવાદીઓને મનાઈ હુકમ આપવાથી કોઈ નુકશાન થાય તેમ નથી. પ્રતિવાદી નં.૧૦ થી ૧૮ વીરુધ્ધ કોઈ મનાઈ હુકમની માગણી કરવામા આવેલ નથી પ્રતિ.નં.૧ થી ૯ પ્રતિ.નં.૧૯, પ્રતિ.નં.૨૧ અને પ્રતિ.નં.૨૨ વીરુધ્ધ મનાઈ હુકમ મેળવવા માગણી કરેલ છે. પ્રતિવાદી નં.૧,૨ અને૨૧ તકરારી જમીન કે જમીનના કોઈપણ ભાગનો તબદીલી વ્યવહાર કરે તો, વાદીને નુકશાન થાય તેમ છે. અન્યથા મનાઈ હુકમ આપવાથી ગેરહકકે મેળવેલ જમીનને કાયદા અનુસાર પણ તે પ્રતિવાદીઓ અપીલ કરી શકે નહી કે તેમ કરવા તેઓને કોઈ હકક કે અધીકાર નહી હોવાથી નુકશાન થાય તેમ નથી. સગવડતા અગવડતાની સમતુલાની દ્રષ્ટીએ વાદીનો કે મજબુત છે. જેથી વાદીપક્ષે રજુ થયેલ કાનુની ચુકાદા તથા દસ્તાવેજી આધાર પુરાવા ધ્યાને લઈ આંક–૫ ની મનાઈ હુકમની અરજી મંજુર કરવા તથા કોર્ટ રીસીવરની નિમણુંક કરવા વિનંતી કરેલ છે.

(૧૭) પ્રતિવાદી નં.૧,૨ તથા ૫,૬ તરફે વિ.વ.શ્રી યુ.જે.ત્રિવેદી દલીલ કરતા જણાવે છે કે વાદીનો દાવો સ્ પેશીફીક પરફોમન્સ એગ્રીમેન્ટ ટુ સેલનો છે. વાદીની દાવા અરજી પેજ નં.૫ વંચાણે લેતા વાદીના દાવાને મલ્ટી ફેરનેશ રીલીફનો બાદ નડે છે. વાદીને દાવા કામે વીલ ચેલેન્જ કરેલ છે પરંતુ વાદી વીલ કરનાર સાથે કોઈ સબંધ ધરાવતા નથી. માર્ક–૪/૧ થી રજુ થયેલ તા.૧૮/૧/૧૧ ના રોજ સબ રજીસ્ટ્રાર સમક્ષ નોંધાયેલ દસ્તાવેજ નં.૨૦૫/૧૧ મા ઉલ્લેખ કરવામા આવેલ જમીન અને પ્રોબેટ વાળી જમીન અલગ અલગ છે. પ્રોબેટના આધારે વેચાણ દસ્તાવેજ નં.૨૦૫/૧૧ મા જણાવેલ જમીન વહેચવામા આવેલ નથી. સદર દસ્તાવેજથી પ્રતિ.નં.૧,૨

નાએ જમીન ખરીદ કરેલી છે. તે આ જમીન વહેચનારાઓએ કરેલ અગાઉના દસ્તાવેજો વાદીએ દાવા કામે ચેલેન્જ કરેલ નથી. વાદીની દાવા અરજી પેરા–૧૩ પેજ નં.૧૬ વંચાણે લેતા વાદીએ દાવાનુ કારણ જણાવેલ છે. દાવાનુ કારણ ધ્યાને લેતા વાદીના કયા હકકને નુકશાન થાય છે અને થયેલ છે તેવુ જણાવેલ નથી.વાદીને દાવાનુ કારણ અસ્પષ્ટ છે. કોઈ કોઝ ઓફ એકશન ઉભુ થયેલ નથી તેમ છતા, બદઈરાદા પુર્વક હાલનો દાવો કરેલ છે. દાવા કામે માર્ક–૪/૩ થી તા.૧૫/૧/૯૭ ના રોજ કરવામા આવેલ વેચાણ કરાર ધ્યાને લેતા તા.૧૫/૧/૯૭ ના સાટાખત બાદ સતર વર્ષે વાદી દવારા દાવો દાખલ કરવામા આવેલ છે. સદર વેચાણ કરારમાં જણાવેલ વેચાણવાળી મીલકતનુ વર્ણન જોતા મીલકતની કોઈ ચતુર્દીશા જણાવવામા આવેલ નથી. મીલકતનુ અસંદિગ્ધ વર્ણન કરવામા આવેલ છે. તદુપરાંત ઉલ્લેખ કરવામા આવેલ મીલકતની ચતુર્દીશાનુ માપ પણ જાહેર કરવામ આવેલ નથી ત્યારે મીલકતનુ વર્ણન જોતા મીલકતના આધારે સ્પેશીફીક પરફોમન્સ થઈ શકે તેમ નથી. વેચાણ કરારમા સ.નં.૧૯/૧ પૈકીનો ઉલ્લેખ કરવામા આવેલ છે. સ.નં.૧૯ ના ત્રણ ભાગ સ.નં.૧૯/૧,૧૯/૨,૧૯/૩ પડેલ છે તેથી કઈ જમીનનુ સાટાખત છે તે સ્પષ્ટ થતુ નથી. વિશેષમાં સાટાખત વંચાણે લેતા તેમા સમરતબેન રતીલાલ હકાણી, અનોપચંદ રતીલાલ હકાણી, પ્રતાપરાય રતીલાલ હકાણી, રમણીકલાલ રતીલાલ હકાણી, શાંતાબેન અમરતચંદ, નંદલાલ રવજીભાઈ, લ ક્ષ્મીચંદ રવજીભાઈ, એમ કુલ સાત વ્યકિતઓને વેચનાર તરીકે દર્શાવેલા છે જેઓને દાવા કામે પ્રતિવાદી નં.૧૦ થી ૧ ૬ તરીકે જોડવામા આવેલ છે. જેઓ અવસાન પામેલ છે પરંતુ તેઓને જોડવામા આવેલ નથી. પરંતુ આંક–૬૩ થી પુરસીસ રજુ કરી વાદી દવારા ડીલીટ કરવામા આવેલ છે જે પરફોમ્સ માટે વાદી આવેલ છે તેઓ દાવાના પક્ષકાર નથી તેમ છતા સતર વર્ષ બાદ ત્રાહીત વ્યકિતને હેરાન કરવા વાદી દવારા હાલનો દાવો સાટાખતના આધારે દાખલ કરવામા આવેલ છે. દાવા કામે માર્ક–૫૯/૨ થી માર્ક–૪/૩ થી રજુ થયેલ તા.૧૫/૧/૯૭ ના સાટાખતમાં વેચનાર નં.૬ તરીકે રહેલ નંદલાલ રવજીભાઈનું ડેથ સર્ટીફીકેટ ધ્યાને લેતા નંદલાલ રવજીભાઈ તા.૧૩/૭/૯૪ ના રોજ અવસાન પામેલ છે એટલે કે પાવર આપનાર અવસાન પામેલ હોવાથી પાવર ઓફ અસટર્ની માની શકાય તેમ નથી. પાવર ઓફ એટર્ની વીરુધ્ધ સ્પેશીફીક પરફોમન્સ થઈ શકે નહી સાટાખતમા જણાવેલ પક્ષકારો વાદીના ધ્યાનમાં છે. માર્ક–૪/૧ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ પેજ નં.૩ ધ્યાને લેતા નંદાલાલ રવજીભાઈ વીલ કર્યા વિના તા.૧૩/૭/૯૪ ના રોજ અવસાન પામેલ હોવાનુ વીની અંગત જાણમા છે તેમ છતા તેના વારસો વાદીએ જોડેલ નથી. તેમ છતા, સી.પી.સી.ઓર્ડર–૫ ની જોગવાઈઓનુ પાલન કર્યા વિના સમન્સ, નોટીસની બજવણી કરાવી દેવામા આવેલ છે. પરંતુ તેમના વારસોને દાવા કામે જોડેલ નથી. રેકર્ડ જોતા તમામ પ્રતિવાદી નં.૧૦ થી ૧૬ ના પ્રોસેસ પ્રતિ.નં.૧૭ મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામીના પત્નીને બજવી દેવામા આવેલ છે. પ્રતિ.નં.૧૦ થી ૧૬ સાથે કોઈપણ રીતે જોડાયેલ નથી. વાદીએ જેના વીરુધ્ધ પરફોમન્સ માગેલ છે તેઓ દાવા કામે પક્ષકાર નથી. પ્રતિ.નં.૧૭ મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામી વાદીના સગા કાકા થાય છે. માર્ક–૪/૩ થી રજુ થયેલ સાટાખત પેજ નં.૨ વંચાણે લ ેતા પારા–૨ મુજબ રુપીયા નવ લાખની કીમત સંપૂર્ણપણે ચુકવી આપેલ હોવાનો ઉલ્લેખ કરવામા આવેલ છે. આ સાટા કરાર સને–૧૯૯૭ ની સાલમા કરવામા આવેલ છે. સને–૧૯૯૭ માં આ કીમત ખુબજ વધારે ગણી શકાય તેમ છતા, ૧૪ વર્ષ સુધી વાદી દવારા કોઈ નોટીસ આપવામા આવેલ નથી કે કરારના પાલન માટેનો દાવો પણ દાખલ

કરવામા આવેલ નથી. જો ખરેખર રુપીયા નવ લાખજો અવેજ ચુકવ્યો હોય તો, વાદી દવારા ચોકકસ રીતે દાવો કરી અન્ય કાર્યવાહી પણ કરી શકેલ હોત. શરત નં.૪ વંચાણે લેતા વેચાણવાળી મીલકત અંગે કોર્ટ મેટર પેન્ડીગ હોવાથી મીલકતનું ટાઈટલ કલીયર થયેલ ન હોવાનુ અને ટાઈટલ કલીયર ભવિષ્યમા થયેથી પાકો દસ્તાવેજ કરાવી લેવાનો ઉલ્લેખ થયેલ છે પરંતુ સને–૨૦૧૪ મા ટાઈટલ કલીયર થયેલ છે કે કેમ તેનો ખુલાશો વાદી પક્ષે કરવામા આવેલ નથી. લીમીટેશન એકટ અન્વયે કરારના સ્પેશીફીક પરફોમન્સ માટે મહતમ સમય મર્યાદા ત્રણ વર્ષની હોય, સરકારી જંત્રી મુજબનો દસ્તાવેજ રજીસ્ટ્રેશન કરાવવાનો પણ ઉલ્લેખ થયેલ હોય, તેમ છતા, શંકાસ્પદ સાટાખત ઉભો કરી દાદ મેળવવા દાવો દાખલ કરવામા આવેલ છે. દાવા કામે વાદીની આંક–૭ ની કોર્ટ કમીશ્નરના આધારે પંચનામુ પણ કરવામા આવેલ છે. કોર્ટ કમીશ્નર દવારા કરવામા આવેલ નકશો ઘ્યાને લેવામા આવે તો, દાવામા વર્ણન કરેલ જમીનની બાજુમાં શીવ સાગરનુ બોર્ડ મારવામા આવેલ છે. બોર્ડમા તરસમીયા સ.નં.૧૯/૧ પૈકી ૧ ની જમીન હોવાનું જણાય છે. તથા બાંધકામ પણ થયેલાનુ જણાતુ નથી તે જોતા આજુબાજુની જમીનોને મીક્ષઅપ કરી હાલનો દાવો દાખલ કરવામા આવેલ છે. કોર્ટ કમીશ્નરશ્રી દવારા કરવામા આવેલ નકશો ઘ્યાને લેતા ડેવલોપ વીસ્તાર પ્રતિ.નં.૧,૨ ની કેટલી જમીન હોવાનુ અને ખાલી જગ્યા વાદીની છે. પંચનામાથી કબજો માલીકી હકક સ્થાપિત થઈ શકે નહી. દાવા અરજી પેજ નં.૧૬ પારા નં.૧૨ વંચાણે લેતા રે.સ.નં.૧૯/૧ પૈકીની અને ત્યારબાદ ૧૯/૧ પૈકી ૧ ની જમીનનો ઉલ્લેખ કરવામા આવેલ છે જેનો ઉલ્લેખ સાટાખતમા કરવામા આવેલ નથી. એટે કે સાટાખતથી ઈમપ્રુવમેન્ટ દાવા અરજીમા કરેલ છે. માર્ક–૪/૩ થી રજુ થયેલ સાટાખત જોતા તેમા ચતુર્દીશાનો કોઈ ઉલ્લેખ કરવામા આવેલ નથી તેમ છતા, પારા–૧૨ માં ચતુર્દીશાનો ઉલ્લેખ કરવામા આવેલ છે. તેવા સંજોગોમા પ્રતિ.નં.૧ અને ૨ ની જમીનની ચતુર્દીશા જણાવી સાટાખત મુજબ સાડા દસ વિઘા થાય તેમ હોવા છતા, સાડા બાર વિઘાનો ઉલ્લેખ કરી, હાલનો દાવો દાખલ કરવામા આવેલ છે. એગ્રીમેન્ટ ટુ સેલના આધારે દાવો દાખલ કરવા કોઈ હકક અધીકાર વાદીને મળતા નથી. તેવા સંજોગોમા મુળ દાવો ચાલવાપાત્ર રહેતો નથી ત્યારે મનાઈ હુકમ આપી શકાય નહી.

(૧૮)વિશેષમાં, પ્રતિવાદીપક્ષે વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, પ્રતિ.નં.૧,૨ નાએ ખરીદ કરેલ જમીન વીલ તથા   પ્રોબેટ વાળી મીલકતની નથી. પરંતુ તેમ છતા, વાદી દવારા પ્રતિવાદીના ટાઈટલ ઉપર ટીકમાર્ક લગાડવા પ્રતિવાદીની જમીન સાથે ઉલ્લેખ કરવા માગે છે. પ્રતિવાદી નં.૩, હરજીભાઈ હીરાભાઈ પટેલ, પ્રતિ.નં.૪ નારણભાઈ હીરાભાઈ પટેલ તથા પ્રતિ.નં.૫ તળશીભાઈ હીરાભાઈ પટેલે ૧૯૯૯ માં મીલકત ખરીદ કરેલ અને પ્રતિ.નં.૧,૨ ને સને–૨૦૧૧ મા મીલકત વેચેલ છે. સને–૨૦૧૧ મા પ્રતિ.નં.૧,૨ નાએ ખરીદ કરેલ જમીનની નોંધ રેવન્યુ રેકર્ડ તથા હકક પત્રકમમા થયેલ છે. આ તમામ કાર્યવાહી રજીસ્ટર વેચાણ દસ્તાવેજના આધારે થયેલ છે. પ્રતિ.નં.૧,૨ દવારા બીનખેતીમા ફેરવવા પરવાનગી માગવામા આવતા પ્લાન મંજુર થયેલ છે અને ત્યારબાદ મકાનો બાંઘી ડેવલપમેન્ટની શરુઆત કરવામા આવેલ છે જેથી વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે. વાદીએ પ્રતિવાદીને હેરાન કરવા છાપામા નોટીસ પણ આપેલ હતી તેનો પ્રતિવાદીએ જવાબ પણ આપેલ હતો. ઘડીભર ખોટા બનાવટી વીલના

આધારે પ્રોબેટ મેળવવાની હકીકત માનવામા આવે ત્યારે પણ નામદાર સુપ્રિમકોર્ટ દવારા લોઢા બીરલાના ચુકાદામાં સ્થાપિત કરવામા આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા વાદી વીલ કરનારના વારસદારો ન હોય, સગા ન હોય, તેથી તેઓ વીલ પ્રોબેટ ચેલેન્જ કરી શકે નહી. વીલ કરનારના વારસદારો, સગાઓ વીલ પ્રોબેટ રદ કવરા કાર્યવાહી કરી શકે. પ્રોબેટ મંજુર કરતા સમયે અદાલત વીલની પ્રમાણીકતા ઉપર મહોર મારેલ છે ત્યારે અંગ્રીમેન્ટ ટુ સેલના પક્ષકારને વીલ પ્રોબેટમા વાંધો લેવા કોઈ હકક અધિકાર ન હોય, તેવા સંજોગોમા વીલના આધારે મેળવાયેલ પ્રોબેટ ચેલેન્જ કરી શકાય નહી.તેથી મહત્વની હકીકતો છુપાવી દબાણ લાવવા વાદી દવારા હાલનો દાવો દાખલ કરવામા આવેલ છે.

પ્રતિવાદી નં.૧,૨ પક્ષે આંક–૧૨ થી વાદીના દાવા તથા મનાઈ હુકમની અરજીનો જવાબ રજુ કરવામા આવેલ જેમા તમામ મહત્વની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરવામ આવેલ છે. વાદી સુરેશગીરી માનગીરી ગોસ્વામી તથા પ્રતિવાદી નં.૧૭ મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામી સગા થતા હોય, પ્રતિવાદી નં.૧૭ ની જમીન પ્રતિ.નં.૧ ની જમીનના પાછળના ભાગે આવેલ હોય, પ્રતિ.નં.૧૭ ના વાદીની જમીનમાંથી રસ્તા મેળવવા વાદી સાથે ભળી પ્ર તિ.નં.૧,૨ ઉપર દબાણ કરી રહેલ છે. પ્રતિવાદી નં.૧૭ તથા વાદી સગા થતા કોલ્યુજનમા દાવો દાખલ કરેલ છે. જે અનુસંધાને દાવા રેકર્ડ ધ્યાને લેવામા આવે તો, પ્રતિ.નં.૧૦ થી ૧૬ અવસાન પામેલ હોવા છતા તેમના સમન્સ પ્ર તિ.નં.૧૭ ના પત્ની ઉપર બજાવી દેવામા આવેલ છે પ્રતિ.નં.૧૭ ને પ્રથમ બજવણી કરેલ છે. જે હકીકત જોતા વાદી તથા પ્રતિ.૧૭ વચ્ચે મીલાપીપણુ હોવાનુ સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપરથી ફલીત થાય છે.

પ્રતિવાદી નં.૧,૨ તરફે આંક–૧૨ થી જવાબ દાવા જવાબ સાથે આંક–૧૩ થી દસ્તાવેજી આધાર રજુ કરેલ છે. માર્ક–૧૩/૧ થી રજુ કરવામા આવેલ ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૩૮૪૪ તથા માર્ક–૧૩/૨ થી રજુ કરવામા આવેલ ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૩૮૬૫ વંચાણે લેતા સ.નં.૧૯/૧ પૈકી ૩ ની જમીનમાં પ્ર ભુદાસ ગુલાબચંદના વીલના આધારે મેળવવામા આવેલ પ્રોબેટના આધારે વારસોના નામ દાખલ થયેલ છે. પ્રભુદાસ ગુલાબચંદના આ મીલકત બાબતે સને–૧૯૯૧ મ વીલ મેળવવાની કાર્યવાહી થતા સને–૨૦૧૧–૧૨ ના અરસામા સમધાન થતા વીલની રુઈએ પ્રોબેટ મંજુર કરવામા આવેલ હતુ જેમા પ્રતિ.નં.૧૭ મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામી વાંધેદાર હતા તેમણે વાદીના સાટાખત બાબતે તે હકીકત અદાલત સમક્ષ જાહેર કરેલ હતી નહી અને ત્યારબાદ વીલના આધારે પ્રોબેટ મંજુર થતા પ્રભુદાસ ગુલાબચંદના વારસોના નામ રેન્યુ રેકર્ડે દાખલ કરવામા આવેલ અને રેવન્યુ દફતરે પાડવામા આવેલ નોંધ પ્રમાણીત પણ કરવામા આવેલ હતી. માર્ક–૧૩/૫ થી રજુ થયેલ મોજે તરસમીયા હકક પત્રક ગામ નમુના નં.૬ નોંધ નં.૨૭૧૭ ધ્યાને લેતા પ્રતિવાદી નં.૧૭ મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામીએ તરસમીયા ગામના સ.નં.૧૯/૧ પૈકીની એકર–૪ અને ૩૩ ગુઠા ખેડવાણ જમીન રેજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી તા.૨૯/૧/૦૪ ના રોજ ખરીદ કરતા રેવન્યુ દફતરે આ નોંધ પ્રમાણીત થયેલ છે તે નોંધના આધારે પ્ર તિ.નં.૧૭ સ.નં.૧૯ પૈકી ૧ ની જમીન એકર–૪ ગુઠા–૩૩ ન માલીક બનેલ હોવા સામે વાદીપક્ષે પ્રતિવાદી નં.૧૭ કાકા થતા હોવાથી કોઈ તકરાર રહેલ નથી. માર્ક–૧૩/૬ થીરજુ થયેલ ગામ નમુના નં.૭/૧૨ ધ્યાને લેતા સ.નં.૧૯/૧ પૈકી ૨ ની જમીન પ્રતિ.નં.૧૭ મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામીએ ખરીદ કરેલ છે અને પ્રતિ.નં.૧,૨ નાએ વીલના

આધારે મેળવાયેલ પ્રોબેટના આધારે સ.નં.૧૯/૧ પૈકી ૩ ની જમીન ખરીદ કરેલ છે તેવા સંજોગોમાં સ.નં.૧૯/૧ પૈકી ૧ સાથે ભેળસેળ કરી વાદી દવારા હાલનો દાવો દાખલ કરવામા આવેલ છે. માર્ક–૪/૩ થી રજુ થયેલ વેચાણ કરાર પેજ જં.૩ વંચાણે લેતા તેમાં સ.નં.૧૯/૧ પૈકી એકર–૪ ગુઠા–૮ ની જમીનનો ઉલ્લેખ કરવામા આવેલ છે. સ.નં.૧૯/૧ ની કુલ જમીન ૧૪ એકર થાય છે તેથી કઈ જગ્યાનો પરફોમન્સ થાય તે સ્પષ્ટ થતુ નથી. તેમ છતા વાદી દવારા દાવા અરજી પેરા–૧૨ માં ૧૯/૧ પૈકી ૧ ની જમીનની ચતુર્દીશા જાહેરકરવામા આવેલ છે પરંતુ તેનો કોઈ પુરાવો રજુ કરવામા આવેલ નથી. વાદીની દાવા અરજી પૈકી રીલીફ પેરા–૧૮ વંચાણે લેતા તેમા મોજે તરસમીયાના રે.સ.નં.૧૯/૧ મા આવેલ ખેતીની જમીન કુલ એક હેકટર ૯૫ ચો.મી.નો ઉલ્લેખ કરવામા આવેલ છે જે ક્ષેત્રફળ અંદાજીત ૪–એકર અને ૩૩ ગુઠા થાય જયારે માર્ક–૪/૧ થી રજુ થયેલ સાટાખત મુજબ એકર–૪ અને ૮ ગુઠાનો ઉલ્લેખ કરવામા આવેલ છે તેવા સંજોગોમા સાટાખત ઉભુ કરવામા આવેલ હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. વિશેષમાં આ રીલીફ પેરા–૯ જોવામા આવે તો, પ્રતિ.નં.૧૦ થી ૧૬ ના કુલ મુખત્યાર પ્રતિ.નં.૧૭ નાએ વાદી જોગ કરી આપેલ વેચાણના કરારનો અમલ કરાવી આપવા બાબતેની દાદ માગેલ છે જે જોતા દાવા કામ પ્રતિવાદી નં.૧૦ થી ૧૬ અવસાન પામેલ રેકર્ડ ઉપર નથી. પ્રતિ.નં.૧૭ પાવર ઓફ એટર્ની હોલ્ડર હોય, તેની સામે સ્પેશીફીક પરફોમન્સ માગી શકાય નહી. સ્પેશીફીક રીલીફની જોગવાઈ મુજબ પ્રિન્સીપલ સામે જ પરફોમન્સ માગી શકાય. તેવા સંજોગોમા વાદીનો દાવો યોગ્ય ફાઉન્ડેશનમા દાખલ થયેલ ન હોય પ્રતિ.નં.૧૦ થી ૧૬ અવસાન પામેલ હોય કોઈપણ દાદ અસ્તિત્વમા રહેલ ન હોય, જયા સુધી મુખ્ય તકરાર નિર્ણીત થઈ શકે નહી ત્યારે આનુસંગિક દાદ મંજુર કરી શકાય નહી. રીલીફ પેરા–૧૨ વંચાણે લેતા વાદીઓ દવારા બીનખેતીમા ફેરવાયેલ મીલકતને ખેતીની જમીનમાં પુનઃ પુનરાવર્તીત કરાવવાની દાદ માગેલ છે પરંતુ બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ કલમ–૬૫ અન્વયે આ પ્રકારની સત્તા કલેકટરને આપવામા આવેલ છે તે વા સંજોગોમાં વાદી કોઈપણ જાતનો મનાઈ હુકમ મેળવવા હકકદાર બનતા નથી.

(૧૯)વાદીનું સમગ્ર પ્લીડીગ પ્રોબેટના આધારે થયેલ કાર્યવાહીને ગેરકાયદેસર ઠરાવવા બાબતેની દાદ માંગવામા આવેલ હોવાનુ સ્પષ્ટ થાય છે ત્યારે વાદીગુજ. પ્રભુદાસ ગુલાબચંદના વારસદારો થતા નહોય, પ્રોબેટ હોલ્ડર વીરુઘ્ધ દાવો દાખલ કરવાના બદલે તથા વારસો વીરુઘ્ધ દાવો દાખલ કરવાના બદલે પ્રતિવાદી નં.૧,૨ વીરુઘ્ધ હાલનો દાવો દાખલ કરેલ છે. વાદીએ દાવા કામે માર્ક–૪/૧ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ વંચાણે લેવામા આવે તો, પ્રતિ.નં.૧,૨ નાએ સને–૧૯૯૯ માં જે દસ્તાવેજ થયેલ તે જમીનના દસ્તાવેજના આધારે જમીન ખરીદ કરેલ છે જે વીલવાળી જમીન નથી. પ્રતિ.નં.૧,૨ નાને જમીન વેચાણ થતા સમયે દસ્તાવેજ સોપણી યાદી જોવામા આવે તો, તેમા વીલ પ્રોબેટના આધારે મીલકત ખરીદવામા આવેલ હોવાનો ઉલ્લેખ નથી. વાદીએ સને–૧૯૯૯ માં કરવામા આવેલ દસ્તાવેજને ચેલેન્જ કરેલ નથી. વાદીએ કયા કારણસર સને–૧૯૯૯ નો દસ્તાવેજ ચેલેન્જ કરેલ નથી તેનો કોઈ ખુલાશો કરવામ આવેલ નથી. પ્રતિવાદી નં.૧,૨ પક્ષે માર્ક–૧૩/૯ થી મોજે તરસમીયા સ.નં.૧૯/૧ પૈકીની કબજા મુજબની માપણી રજુ કરેલ છે. માર્ક–૧૩/૧૦ થી રેવન્યુ દફતરે દાખલ થયેલ નોંધ નં.૩૭૨૬, માર્ક–૧૩/૧૧ થી

ભાવનગર વિકાસ વીસ્તાર સત્તા મંડળ દવારા પ્રતિ.નં.ર ને રે.સ.નં.૧૯/૧ ની જમીનમાં વિકાસ પરવાનગી આપેલ છે. માર્ક–૧૩/૧૩ થી રીવાઈઝ પરવાનગી પણ માગવામા આવેલ છે અને માર્ક–૧૩/૧૪ થી કલેકટર કચેરી, ભાવનગર દવારા તા.૭/૫/૧ર ના રોજ સ.નં.૧૯/૧ પૈકી ૧ ની જમીન બીનખેતી ફેરવવા હુકમ પણ કરવામ આવેલ છે. જે કોઈપણ હુકમને વાદીઓ દવારા દાવા કામે ચેલેન્જ કરવામા આવેલ નથી.

(ર૦)પ્રતિવાદીપક્ષે વિ.વ.શ્રી યુ.જે.ત્રિવેદીએ વિશેષમા દલીલ કરતા જણાવેલ છે કે, માર્ક–૪/૩ થી રજુ થયેલ સાટાખત ઘ્યાને લેતા આ સાટાખત તા.૧૫/૧/૯૭ ના રોજ કરવામા આવેલ છે તેમા દિવાની પર.અ.નં.ર/૯૧ તથા દિવાની પર.અ.નં.૧ર૯/૧૦ નો ઉલ્લેખ કરવામા આવેલ છે જે બંને અરજીઓ સને–ર૦૧૩ માં વીથ ડ્રોથી ફેસલ થયેલ હતી તેમ છતા, દિવાની પર.અ.નં.૧ર૯/૧૦ તથા ર/૯૧ ના કામે વાદી પક્ષકાર તરીકે જોડાવવા આવેલ હતા નહી માર્ક–૪/ર થી રજુ થયેલ પાવર ઓફ એટર્ની વંચાણે લેતા વાદીને પાવર આપનાર ૧ થી ૭ વ્યકિતઓ અવસાન પામેલ છે. પાવર ઓફ એટર્ની પારા નં.૧ વંચાણે લેતા પ્રતાપભાઈ રતીલા હકાણી દિવાની પર.અ.નં.૧ર૯/૧૦ ના કામે હાજર રહેલા અને સમાધાન કરેલ છે. દાવા કામે પ્રતિવાદી નં.૩,૪ પક્ષે આંક–૩૦ ના દસ્તાવેજ ઘ્યાને લેતા દિવાની પર.અ.નં.ર/૯૧ કામે પ્રતિ.નં.૧૭ મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામી તેમજ રાજેશગીરી ભગવાનગીરી ગોસ્વામીના સોગંદનામાના આધારે તથા ત્યારબાદ રે.દિવાની અપીલ નં.૯ર/૦૯ કામે સંયુકત સમાધાન પુરસીસ રજુ થતા દિવાનીઅપીલ અને દિવાની પરચુરણ અરજી નિકાલ કરવામા આવેલ છે.

વિશેષમાં પ્રતિવાદીપક્ષે વિ.વ.શ્રીએ વધુમા જણાવેલ છે કે પ્રતિ.નં.૧૭ નુ મોરુ પેરી વાદી અદાલત સમક્ષ આવેલ છે જે દલીલની નોંધ લેવા વાદીપક્ષે વિ.વ.શ્રીએ અદાલતને જણાવેલ છે જે સ્ટેટમેન્ટનો ખુલાશો કરતા પ્રતિવાદી પક્ષે વિ.વ.શ્રીએ જણાવેલ છે કે વાદી સુરજગીરી માનગીરી તથા પ્રતિવાદી નં.૧૭ મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામી સગા કાકા ભત્રીજા થાય છે પ્રતિવાદી નં.૧૦ થી ૧૬ દાવા પહેલા અવસાન પામેલ હોવા છતા દાવા કામેના પ્રોસેસ પ્રતિ.નં.૧૭ ની પત્ની ઉપર બજાવવામા આવેલ છે અને ત્યારબાદ પ્રતિવાદીની રજુઆત અનુસંધાને પ્રતિ.નં.૧૦ થી ૧૬ ને ડીલીટ કરવામા આવેલ છે. વાદીને પ્રતિ.નં.૧૭ નાએ તા.ર૯/૧/૦૪ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી સ.નં.૧૯/૧ પૈકી ર ની જમીન ખરીદ કરેલ છે તેમ છતા, પ્રતિ.નં.૧૭ ના દસ્તાવેજ બાબતે વાદીને કોઈ તકરાર રહેલ નથી. પ્રતિ.નં.૧૭ નાએ ખરીદ કરેલ સ.નં.૧૯/૧ પૈકી રના દસ્તાવેજની ખરી નકલ માર્ક–૩૦/૯ થી રજુ થયેલ છે. પ્રતિવાદીની જમીન તથા પ્રોબેટ બાબતે વાદી સ્ટેન્જર હોય ભારતીય વારસા ધારા કલમ–ર૮૪ અન્વયે કેવીએટેબલ ઈન્ટ્રેસ્ટ હોય તે વ્યકિત વાંધા લેવા હકકદાર રહેલ છે. વાદી માર્ક–૪/૧ થી રજુ થયેલ દસ્તાવેજના એકઝીકન્ટ ન હોય, દસ્તાવેજ રદ કરવાનો અધીકારી વાદીને પ્રાપ્ત થતો નહોય જયારે કોઈ વ્યકિત દસ્તાવેજ કરનાર એટલે કે જમીન વેચનાર ન હોય ત્યારે તે ફકત થયેલ દસ્તાવેજ બંધનકર્તા ન હોવાની દાદ મેળવવા અદાલત સમક્ષ આવી શકે.

(૨૧)વાદીપક્ષે આંક–૭૦ થી રજુ થયેલ લેખીત દલીલ સાથે રજુ થયેલ માર્ક–૭૨/૮ થી રજુ થયેલ નામદાર ગુજરાત હાઈકોટર્શ્રે સમક્ષ વાદી દવારા દાખલ કરવામા આવેલ સ્પે.સીવીલ એપ્લી.નં.૧૧૩૯૭/૧૪ કામે તા.૨૦/૬/૧૫ ના રોજ કરવામા આવેલ હુકમ બાબતે જણાવેલ છે કે હાઈકોર્ટ દવારા જે તે સમયે કરવામા આવેલ માપણી ગેરકાયદેસર ઠરાવવામા આવેલ નથી. કલેકટર સમક્ષ રજુઆત કરવા વાદીને જણાવવામા આવેલ છે ત્યારે નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા મેરીટસ ઉપર રીટ નિકાલ થયેલ ન હોય વાદી દવારા રજુરાખવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓ વાદીની વીરુધ્ધ જાય છે ત્યારે વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ ન હોય, અગવડતા સગવડતાનું પલ્લુ વાદીની તરફેણમાં ન હોય, મીલકતની ચોકકસ ઓળખ કરારના આધારે સ્થાપિત થતી ન હોય, સ્પેશીફીક રીલીફ એકટ કલમ–૧૫ ની જોગવાઈ ધ્યાને લેતાં વાદી સ્પેશીફીક પરફોમન્સ માગવા હકકદાર ન હોય, માર્ક–૪/૩ વાળુ સાટાખત કરનાર વ્યકિતઓ અવસાન પામેલ હોય, વાદીનો દાવો પ્રથમદર્શનીય રીતે ખામી ભરેલ હોય વાદીના દાવાનુ સ્વરુપ જોતા સ્પેશીફીક પરફોમન્સના દાવામા સ્પેશીફીક રીલીફ એકટની જોગવાઈઓ સ્વયં સ્પષ્ટ હોય એગ્રીમેન્ટ સેલના આધારે કોઈ હકક અધીકાર ઉતપન્ન થતો ન હોય, પ્રતિવાદી નં.૧,૨ ના ટાઈટલ ઉપર સ્ટીગમા લગાડવા દાવો તથા મનાઈ હુકમની અરજી દાખલ કરવામા આવેલ હોય ,રજુ રાખેલ કાનુની ચુકાદાઓ નજરે મનાઈ હુકમની અરજી ખર્ચ સહીત રદ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૨૨)પ્રતિવાદી નં.૩,૪,૬ થી ૯,૧૯ તથા ૨૨ તરફે વિ.વ.શ્રી જી.જી.પરીખે દલીલ કરતાં જણાવેલ છે કે, વાદીની દાવા અરજી પેરા–૧૩ માં જણાવેલ કોઝ ઓફ એકશન ધ્યાને લેતા વાદી દવારા સને–૧૯૯૭ ના સાટાખતના આધારે સને–૨૦૧૪ માં દાવો તથા દરમ્યાન મનાઈ હુકમની અરજી દાખલ કરવામા આવેલ છે. વાદી દવારા સને–૧૯૯૭ થી આજદીન સુધી સાટાખત અમલમા છે તથા દસ્તાવેજ કરી આપવામા આવેલ નથી તેવુ કોઈ પ્લીડીંગ નથી સતર વર્ષ દરમ્યાન સાટાખત કરી આપનાર અને કરાવનાર વચ્ચે કરારના અમલ માટે વાદી દવારા કોઈ નોટીસ વ્યવહાર થયેલ નથી. તેવા સંજોગોમા વાદી સતર વર્ષ સુધી આશ્વાસશ મેળવતા હોવાની હકીકત માની શકાય તેવી નથી. દાવાવાળી જમીન તા.૧૮/૧/૧૧ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૦૫ થી વેચવામા આવેલ છે દસ્તાવેજ નં.૨૦૫ રજીસ્ટર્ડ થયાને ત્રણ વર્ષનો સમય થયેલ છે. ૧૯૯૯ ના ખરીદનાર અને ૨૦૧૧ માં જમીન વેચનાર જે સમયે એટલે કે ૧૯૯૯ મા કોઈ લીટીગેશન પેન્ડીગ હતુ નહી તેવા સંજોગોમા સને–૨૦૧૪ માં દાવાનુ કારણ ઉભુ કરવામા આવેલ છે. વાદી દવારા ડેવલપમેન્ટ કરાર અન્વયે ડેવલપમેન્ટ અટકાવવા છાપામા આપવામા આવેલ જાહેરાતના આધારે લીગલ રાઈટ અસ્તિત્વ ધરાવતા ન હોવા છતા, તા.૫/૬/૧૪ ના રોજ નોટીસ આપેલ છે. વાદીની દાવા અરજી જોતા પ્રતિ.નં.૧૦ થી ૧૬ વાદીના કથન અનુસાર સાટાખત કરી આપનાર હતા તેમના વતી પ્રતિ.નં.૧૭ ને દાવા સમન્સ બજાવવામા આવેલ છે પ્રતિ.નં.૧૦ થી ૧૬ પૈકી અમુક પ્રતિવાદીઓ અવસાન પામેલ હોવાથી વારસોની કાર્યવાહી વિના તેને ડીલીટ કરી નાખવામા આવેલ છે. પ્રતિ.નં.૧૦ થી ૧૬ ના કરારના પક્ષકારો હતા અને પ્રતિ.નં.૧૭ ની તરફેણમા આ પાવરનામાના આધારે દાવા કામે હુકમનામુ થઈ શકે તેમ નથી પ્રતિ.નં.૧૭ નુ પાવર ઓફ એટર્ની કપલ વીથ ઈન્ટ્રેસ્ટ નથી તેવા સંજોગોમા ૧૯૯૭ નુ સાટાખત પક્ષકારની ગેરહાજરી સબબ અમલ કરાવી

શકાય નહી અને ૧૯૯૭ નુ સાટાખત અન રજીસ્ટર્ડ હોય તેથી પણ રજીસ્ટેશન એકટની કલમ–૧૭ અન્વયે દસ્તાવેજ ફરજીયાત નોંધણી પાત્ર રહે છે. પ્રતિ.નં.૧૭ ને આપવામા આવેલ પાવર ઓફ એટર્ની કપલ વીથ ઈન્ટ્રેસ્ટ હોય તો પણ ફરજીયાત નોંધણી પાત્ર રહે છે. વાદીની જે સાટાખત પાવર ઓફ એટર્ની ઉપર આધાર રાખે છે તેનુ કોઈ પુરાવાકીય વેલ્યુ નથી. વાદીના પ્લીડીંગમાં વીલની હકીકતો ખોટી રીતે ઉઠાવવામા આવેલ છે. માર્ક–૪/૧ થી રજુ થયેલ દસ્તવેજ નં.૨૦૫/૧૧ વાળી જમીન સને–૧૯૯૯ મા જે તે સમયે ખરીદવામા આવેલ અને ત્યારબાદ સને–૨૦૧૧ વેચવામા આવેલ છે. વાદીએ પોતાની દાવા અરજીમા સાટાખતમા ઉલ્લેખ કરવામા આવેલ ન હોવા છતા, દાવા અરજીમાં ચતુર્દીશા કોઈ આધાર વિના પ્લીડ કરેલ છે. સને–૧૯૯૯ ના અરસામા કરવામા આવેલ દસ્તાવેજમા સ્પેશીફીક ચતુર્દીશા જણાવવામા આવેલ છે અને તે ચતુર્દીશાવાળી જમીન બાબતે માર્ક–૪/૧ વાળો દસ્તાવેજ સને–૨૦૧૧ માં વેચાણ દસ્તાવેજથી વેચવામા આવેલ છે. સને–૨૦૧૧ મા દસ્તાવેજ સમયે સને–૨૦૦૯ મા જમીન ખરીદ કરનારનો ઉલ્લેખ કરવામા આવેલ છે. તેમ છતાં, વાદીએ સને–૧૯૯૯, ૨૦૦૯, ૨૦૧૧ ના દસતાવેજ ચેલેન્જ કરેલ નથી. સને–૧૯૯૯ ના દસ્તાવેજથી ડેટ ઓફ નોલેજ ગણતા પણ સમય મર્યાદા બાદ તકરાર ઉઠાવવામા આવેલ છે. દાવામા ઉલ્લેખ કરવામા આવેલ વીલ વાળી જમીન તથા માર્ક–૪/૧ થી રજુ થયેલ રજી.દસ્તાવેજ નં.૨૦૫/૧૧ વાળી જમીન અલગ અલગ છે એટલે કે દાવામા ઉલ્લેખ કરેલ વીલવાળી જમીન અને વીલવાળી જમીન વચ્ચે કોઈ સબંધ નથી. સને–૧૯૯૯ મા વેચાણ કરેલ જમીન રજી.દસ્તાવેજથી ખરીદ કરવામા આવેલ અને તેનુ વેચાણ કરવામા આવેલ તેવા સંજોગોમા વીલવાળી જમીન અને ૧૯૯૯ ના દસ્તાવેજને કોઈ સબંધ નથી કારણ કે, સને–૨૦૧૧ નો દસ્તાવેજ જોવામા આવે તો તેમા સને–૧૯૯૯ ના દસ્તાવેજનો ઉલ્લેખ કરવામા આવેલ નથી. વાદીનુ પ્લીડીંગ્સ જોતા સને–૧૯૯૭ ના દસ્તાવેજના અમલ માટે વાદી રેડી અને વીલીંગ હોવાનુ જાહેર કરેલ નથી તેવા સંજોગોમા સને–૧૯૯૭ થી ૨૦૧૪ સુધી વાદી પોતાના હકકો વિષે સુતા રહેલ હોય, વાદી કોઈ દાદ મેળવવા હકકદાર બનતા નથી.

(૨૩)વિશેષમાં, પ્રતિવાદીપક્ષે વિ.વ.શ્રીએ અદાલતનું ઘ્યાન માર્ક–૫૩/૧ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ પરત્વે દોરી દલીલ કરતા જણાવેલ છે કે, પ્રતિ.નં.૧૭ એ સ.નં.૧૯ પૈકી ૨ ની જમીન ખરીદ કરેલ છે.જે જમીન ખરીદનાર પ્રતિ.નં.૧૭ મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામી વાદીના સગા થતા કાકા થતા હોવા છતા, તેમ છતા વાદીએ દસ્તાવેજ ચેલેન્જ કરેલ નથી. જે વાદીની વર્તુણુક ઘ્યાને લેવા વિનંતી કરેલ છે. માર્ક–૪/૧ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ વંચાણે લેતા તા.૧૫/૯/૯૯ ના રોજ પ્રતિ.નં.૧,૨ ને વેચનારાઓ જમીનના માલીક હતા અને તેના આધારે માર્ક–૪/૧ વાળો દસ્તાવેજ થયેલ છે. પ્રતિવાદીપક્ષે આંક–૨૯ થી દાવા જવાબ રજુ કરવામા આવેલ છે. દાવા જવાબ પેરા–૧૫ ઘ્યાને લેતા તેમા પ્રતિ.પક્ષે વીલ પ્રોબેટની હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે તેવા સંજોગોમા ૧૯૯૯ ના દસ્તાવેજના આધારે સને–૨૦૧૧ નો સબસીકવોન્ટ દસ્તાવેજ થયેલ હોય વાદીનો ઈરાદો માલાફાઈડ હોય, સરકારી પરીપત્ર ઘ્યાને લેતા માર્ક–૪/૩ નો દસ્તાવેજ અનરજીસ્ટર્ડ હોય, અપુરતી કોર્ટ ફી ઉપર બાનાખત હોય, કોલેટરલ હેતુસર પણ જોઈ શકાય તેમ ન હોય, વાદીએ પરફોમન્સની નોટીસ આપેલ ન હોય

એગ્રીમેન્ટ ટુ સેલના આધારે મીલકતમા હકક ઉભો થતો ન હોય વાદીએ માર્ક–૪/૩ મા ચુકવેલ રકમ બાબતે સોર્સ ઓફ ઈનકમ જણાવેલ ન હોય, પબ્લીક નોટીસ બાદ સતર વર્ષ બાદ લાંબા સમય પછી દાવો દાખલ કરેલ હોય, વાદીનો દાવો તથા દરમ્યાન મનાઈ હુકમની રદ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૨૪)પ્રતિવાદી નં.૧૬ તરફે વિ.વ.શ્રી પી.જે.વસોયા અદાલત સમક્ષ સુનવણી અર્થે હાજર થયેલ છે અને પ્રતિવાદી વ.શ્રી યુ.જે.ત્રિવેદી તથા પ્રતિવાદી વ.શ્રી જી.જી.પરીખ દવારા કરવામા આવેલ દલીલો પોતે એડોપ્ટ કરતા હોવાનુ જાહેર કરેલ છે.

(૨૫)પ્રતિવાદી નં.૧૭ મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામી તરફે વિ.વ.શ્રી દવારા આંક–૭૩ થી લેખીત દલીલ રજુ કરવામા આવેલ છે. જે લેખીત દલીલ વંચાણે લેવામા આવે તો પ્રતિ.નં.૧૭ પક્ષે એવી દલીલ જાહેર કરવામા આવેલ છે કે સ.નં.૧૯/૧ ની જમીન ૧૪ એકટર ૧૯ ગુઠા જમીનના માલીક ગુજ.પ્રભુદાસ ગુલાબચંદ હતા જે જમીન મુળ વાઘજી ડોસાની હતી અને તે મીલકત તેણે તેના પૌત્ર રતીલાલ ગિરધરને વારસાથી આપેલ હતી અને ત્યારબાદ ૧૯ ૪૭ મા રતીલાલ ગિરધરે ૧૯/૧ ની જમીન સરખે હીસ્સે રવજી ગીરધર શાહ અને પ્રભુદાસ ગુલાબચંદ શાહને તા.૩૧/૫/૪૭ ના રોજ કરારથી વહેચેલ હતી જે જમીન સરકારશ્રી દવારા સુટીંગ રેન્જ માટે એકવાયર કરવામા આવેલ ત્યારબાદ તા.૨૦/૧૨/૭૧ ના રોજ સંપાદનમાંથી મુકત કરી ૧૯–એકર અને ૧૯ ગુઠાની જમીન પ્રભુદાસ ગુલાબચંદને આપવામા આવેલ હતી પ્રભુદાસ ગુલાબચંદ તા.૨૮/૧૨/૧૯૭૪ ના રોજ બીન વસીયતી, નિઃસંતાન અવસાન પામેલ હતા તેઓ પરણીત હતા અને તેમની પત્ની અગાઉ અવસાન પામેલ હતી. ત્યારબાદ તેના કાનુની વારસદારો પ્રતાપ રતીલાલ હકાણી, સમતરબેન રતીલાલ હકાણી, અનોપચંદ રતીલાલ હકાણી, રમણીકલાલ રતીલાલ હકાણ, શાંતાબેન અમરતચંદ હકાણી, ગુજ.નંદલાલ રવજીભાઈ, લક્ષ્મીચંદ રવજીભાઈ દાવાવાળી જમીનના માલીક તથા કબજેદાર બનેલ હતા. સને–૧૯૯૩ માં ગુજ.પ્રભુદાસ ગુલાબચંદના વારસો પ્રતાપ રતીલાલ હકાણી, સમતરબેન રતીલાલ હકાણી, અનોપચંદ રતીલાલ હકાણી, રમણીકલાલ રતીલાલ હકાણ, શાંતાબેન અમરતચંદ હકાણી, વારસોએ રદ થઈ શકે નહી તેવુ પાવર ઓફ એટર્ની પ્રતિ.નં.૧૭ ની તરફેણમા તા.૫/૫/૯૩ ના રોજ કરી આપેલ હતુ. જે પાવર ઓફ એટર્નીમાં મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામીએ મુળ વારસદારોને વેચાણ અવેજની પુરી રકમ રુપીયા પચીસ લાખ સ.નં.૧૯/૧ પૈકી ૧૫ વિઘા બાબતે ચુકવેલ હતા જેની રીસીપ્ટ રજુ કરેલ છે. વાદી ખેડુત હોવાથી ખેડુતની હેસીયતે તા.૧૫/૧/૯૭ ના રોજ સ.નં.૧૯/૧ પૈકી ૪ આઠ ગુઠાની જમીન પોતાની સાથે કાયદેસરના સેલથી ખરીદ કરેલ છે. પોતાને આપવામા આવેલ પાવર ઓફ એટર્ની કયારેય રદ બાતલ થયેલ નથી વાદીએ રુપીયા નવ લાખ ફુલ અને ફાઈનલ પેમેન્ટ તરીકે ચુકવેલા છે અને ત્યારબાદ વાદીના જાણમા આવેલ કે પ્રભુદાસ ગુલાબચંદ શાહના અવસાન બાદ એ બનાવટી વીલ પ્રતિવાદીઓ દવારા પ્રતિવાદીઅ પ્રભુદાસ ગુલાબચંદ શાહ સાથે કોઈપણ રીતે સંકળાયેલ ન હોવા છતા જમીન હડપ કરવાના ઈરાદે દાવાવાળી મીલકત બાબતે તૈયાર કરી દીવાની પર.અરજી.નં.૨/૯૧ દાખલ કરી આ પ્રોબેટ મેળવેલ અને ત્યારબાદ પ્રોબેટ વીરુઘ્ધ અપીલ થતા અપીલ

મંજુર કરવામાં આવેલ અને દાવો ફરીથી ચલાવવા મોકલવામાં આવેલ પરંતુ ગેરકાયદેસરના સમાધાનના કારણે પ્રોબેટનો હુકમ ગેરકાયદેસરના વીલના આધારે મેળવવામા આવેલ. તા.૩/૬/૧૪ ના રોજ દાવાવાળી મીલકતમાં દબાણ હોવાનું તા.૩/૬/૧૪ ના રોજ પ્રતિવાદી નં.૨૧ ને જાહેર નોટીસના આધારે ઘ્યાનમાં આવતા વાદી દવારા અદાલત સમક્ષ હાલનો દાવો દાખલ કરવામા આવેલ છે. જે દાવા કામે વાદીની કબજા ભોગવટાની જમીન બાબતે પ્રતિવાદીઓ દવારા અંદરો અંદર કોલ્યુઝન કરેલ અને સ.નં.૧૯/૧ ની ચતુર્દીશા બાબતે અસ્પષ્ટતા ઉભી કરી જમીનને ચાર ભાગમા વહેચી નાખવામા આવેલ છે. સ.નં.૧૯/૧ નો ભાગ કે જે બાબતે પ્રતિવાદી સાથે સમાધાન થતા રુપીયા દસ લાખ મેળવેલ હતા. પરંતુ દાવાવાળી મીલકત કે જે વાદીની માલીકીની છે તે બાબતે કયારેય નો ઓબ્જેકશન આપેલ નથી તે સ.નં.૧૯/૧ ના બીજા ભાગ બાબતે હતી. તાજેતરમા પોતાને જાણવા મળેલ છે કે, પ્રતિવાદીઓ દવારા પોતાને ગેરમાર્ગે દોરી સમાધાનમા વીલના આધારે ખોટુ સમાધાન ઠરાવેલ છે. તેવા સંજોગોમા વાદી સ.નં.૧૯/૧ પૈકીની જમીનના કાયદેસરના માલીક હોય, પોતાની સાથે તથા વાદી સાથે ફ્રોડ કરેલ હોય, વાદીને નુકશાનમાંથી બચાવવા માટે માગ્યા મુજબ કામચલાઉ મનાઈ હુકમ મંજુર કરવા જણાવેલ છે.

(૨૬)વાદીપક્ષે વિ.વ.શ્રી દવારા તથા પ્રતિવાદી પક્ષે વિ.વકીલશ્રી દવારા કાનુની ચુકાદાઓ રજુ કરવામા આવેલ છે જે ચુકાદાઓની ચર્ચા હવે પછી આગળ કરવામા આવશે.

(૨૭)વાદીએ દીવાની કાર્યરીતી અધિનીયમ,૧૯૦૮ હુકમ ૩૯ રુલ ૧,૨ કલમ ૧૫૧ અન્વયે પ્રતિવાદીઓ વિરુઘ્ધ દાવાના આખરી નીકાલ સુધી દરમ્યાન મનાઈહુકમ મેળવવા વિકલ્પે દાવા દાખલ તારીખે સ્થળ ઉપર ખુલ્લી જગ્યાની યથાવત પરીસ્થિતિ જાળવી રાખવવા હાલની અરજી દાખલ કરેલ છે ત્યારે અદાલત સમક્ષ સમન્યાયી દાદ મેળવવા આવનાર પક્ષકાર વાદી એ કામચલાઉ મનાઈહુકમ ના મહત્વના, પાયાના સિઘ્ધાંતો જેવા કે પોતાનો પ્રથમ દર્શનીય કેસ,અગવડતા સગવડતાનું પલ્લું પોતાની તરફેણમાં હોવાનું તથા કામચલાઉ મનાઈહુકમ નામંજુર કરવામાં આવ્યેથી નાણામાં ન વાળી શકાય તેવું નુકસાન પોતાને જાય તેમ હોય તેવી સંભાવના છે તેવું દર્શાવવાનું આવશ્યક રહે છે.વાદી પક્ષે દાવા કામે માર્ક ૪/૨ થી પ્રતિવાદી નં ૧૦ થી ૧૬ ના આ એ પ્રતિવાદી નં ૧૭ ની તરફેણમાં તારીખ ૦૫/૦૫/૧૯૯૩ ના રોજ નોટરાઈઝડ થયેલ પાછું ખેચી ન શકાય તેવું મુખ્તયારનામું રજુ કરવામાં આવેલ છે. જેના આધારે પ્રતિવાદી નં ૧૭ ના એ વાદી સાથે માર્ક ૪/૩ થી રજુ કરવામાં આવેલ વેચાણ કરાર કરેલ હોવાનું વાદીનું પ્લીડીગ રહેલ છે.માર્ક ૪/૩ થી રજુ કરવામાં આવેલ વેચાણ કરાર તારીખ ૧૫/૧/૧૯૯૭ નો વંચાણે લેવામાં આવે તો,આ વેચાણ કરારમાં વાદી ને લખાવી લેનાર ખરીદનાર તરીકે દર્શાવવામાં આવેલ છે અને સમરતબહેન રતીલાલ હકાણી (પ્રતિવાદી નં ૧૭),અનોપચંદ રતીલાલ હકાણી(પ્રતિવાદી નં ૧૨),પ્રતાપરાય રતીલાલ હકાણી (પ્રતિવાદી નં ૧૦),રમણીકલાલ રતીલાલ હકાણી(પ્રતિવાદી નં ૧૩),શાંતાબહેન અમરચંદ(પ્રતિવાદી નં ૧૪),નંદલાલ રવજીભાઈ(પ્રતિવાદી નં૧૫) તથા લક્ષ્મીચંદ રવજીભાઈ(પ્રતિવાદી નં ૧૬) લખી આપનાર વેચનારા તરીકે અને તેમના પાવરદાર તરીકે પ્રતિવાદી નં ૧૭ મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્માવી ને દર્શાવેલા

છે.(ત્યારબાદ પ્રતિવાદી પક્ષે મરણના દાખલાઓ રજુ થતાં વાદી પક્ષે આંક ૪૮ ની પુરશીશ રજુ કરી ચાલતા દાવે ડીલીટ કરવામાં આવેલ હોવાનું જાહેર કરવામાં આવેલ છે પરંતુ દાવાઅરજી કોઝ ટાઈટલમાંથી ડીલીટ કરેલ નથી)તેઓની વચ્ચે મોજે તરસમીયા મુકામે આવેલ રેવેન્યુ સવે નં ૧૯/૧ પૈકી એકર ૪ ગુંઠા ૮ બાબતે કરવામાં વેચાણ કરાર કરવામા આવેલ. વેચાણ કરાર શરત નં ૧ પેજ નં ૨ વંચાણે લેતાં ગુજરનાર પ્રભુદાસ ગુલાબચંદ નામે નોધાયેલ મીલ્કત બાબતે સમરતબહેન રતીલાલ હકાણી,અનોપચંદ રતીલાલ હકાણી, પ્રતાપરાય રતીલાલ હકાણી,રમણીકલાલ રતીલાલ હકાણી,શાંતાબહેન અમરચંદ,નંદલાલ રવજીભાઈ તથા લક્ષ્મીચંદ રવજીભાઈ એ ગુજરનાર પ્રભુદાસ ગુલાબચંદ ના સીધી લીટીના વારસદારો હોવાના કથન સાથે દી ૫ અરજી નં ૧૨૯/૯૦ દાખલ કરેલ હોવાનો તેમજ રવજીભાઈ હીરાભાઈ પટેલ (પ્રતિવાદી નં ૩ વિ.) એ પણ ગુજરનાર પ્રભુદાસ ના વીલ ના આધારે પ્રોબેટ મેળવવા દી ૫ અરજી નં ૨/૯૧ દાખલ કરેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.જે મીલ્કત સંબંધેની તકરાર પેન્ડીગ હોય,ટાઈટલ કલીયર થયેથી પાકો વેચાણ દસ્તાવેજ કરાવવાનો રહેશે તેવી સમજણ કરવામાં આવેલ.આ વેચાણ કરારમાં સાક્ષી તરીકે રહેલ અબ્દુલ અઝીઝ હાજીહારુન તથા જગદીશગીરી ગોસ્વામીનું સોગંધનામું પણ વાદી પક્ષે નીશાની ૪૪/૧ અને ૪૪/૨ થી રજુ કરવામાં આવેલ છે.એટલે કે આ કરાર તારીખે દાવાવાળી મિલ્કતનું ટાઈટલ ડિસ્યુડેટ હોવાથી, ટાઈટલ કલીયર થયા ની બાબત ફયુચર ઈવેન્ટ ઉપર આધારીત હોવાથી ચોકકસ પણે ટાઈમ ઈસ નોટ એશન્સ ઓફ કોન્ટ્રાકટ હોવાનું જણાય છે.તેવા સંજોગોમાં લીમીટેશન એકટ કલમ ૫૪ ધ્યાને લ ેવામાં આવે તો સ્પેશીફીક પરફોર્મન્સ નો દાવો દાખલ કરવા ની અવધિ ત્રણ વર્ષની રહેલ છે આર્ટીકલ ૫૪ બે ભાગમાં વહેચાયેલ છે.પ્રથમ ભાગ વંચાણે લેતાં કરારની જે તારીખ નકકી કરેલ હોય તે તારીખથી ત્રણ વર્ષમાં નોન પરફોર્મન્સ અંગે દાવો દાખલ કરી શકાય બીજા ભાગ મુજબ જયારે કોઈ તારીખ નકકી કરેલ ન હોય તો તેવા કિસ્સામાં વાદીને નોનપરફોર્મન્સ ની જાણ થાય ત્યારથી ત્રણ વર્ષમાં દાવો દાખલ થવો જરુરી બને છે. સ્પેશીફીક રીલીફ એકટ,૧૯૬૩ હેઠળ પણ કાયદાકીય એવી સ્થાપિત સ્થિતિ રહેલ છે કે,એગ્રીમેન્ટ ટુ સેલથી મિલ્કત બાબતે કોઈ ટાઈટલ, હકક,હીત ઉભા થતા નથી પરંતુ વાદીએ હાલનો દાવો ડેકલેરેશન,કાયમી મનાઈહુકમ તેમજ સ્પેશીફીક પરફોર્મમ મેળવવા દાવો કરેલ છે તેવા સંજોગોમાં,અન રજીસ્ટર્ડ સાટાખત બાબતે દાખલ કરવામાં આવેલ કરારના વિશીષ્ટ પાલનો દાવો ટકવાપાત્ર હોય,રજીસ્ટ્રેશન એકટ કલમ ૧૭ ની આનુષંગીક અસર કલમ ૪૯ માં આપેલ ન હોય તેવા સંજોગોમાં માત્ર અનરજીસ્ટર્ડ સાટાખત થી દાવો નિષ્ફળ જતો નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ૧૯૯૬(૧) જી એલ આર ૫૬૦ (નીતીનકુમાર લક્ષ્મીદાસ વિ સવીતાબહેન પ્રાણશંકર) ના ચુકાદાથી સમર્થન મળે છે.

(૨૮)વિશેષમાં,વેચાણ કરાર ધ્યાને લેતાં,વાદીએ રુ નવ લાખ પુરા ફાઈનલ એમાઉન્ટ તરીકે પ્રતિવાદી નં ૧૭ ને ચુકવેલ હોવાનો ઉલ્લેખ પણ કરવામાં આવે છે પરંતુ વાદી ધ્વારા આ કરારમાં જણાવવવામાં આવેલ અવેજની રકમ સને ૧૯૯૭ માં પ્રતિવાદી નં ૧૭ ને કેવી રીતે ચુકવવામાં આવેલ હતી તે બાબતે વાદી ધ્વારા કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેવા સંજોગોમાં સને ૧૯૯૭ માં ચુકવવામાં આવેલ અવેજની રકમ ચુકવ્યા ની

હકીકત સાક્ષીના સોગંધનામા,રીસીપ્ટ છતાં શંકાસ્પદ જણાય છે.વેચાણ કરાર પેજ નં ૩ વંચાણે લ ેતાં,મોજે તરસમીયા રેવેન્યુ સવે નં ૧૯/૧ પૈકી એકર ૪ ગુંઠા ૮ ની જમીન બાબતે આ કરાર થયેલ હોવાનું જણાય છે.પરંતુ જમીનની ચર્તુથદિશા જણાવવામાં આવેલ નથી ત્યારે વાદી પક્ષે નીશાની ૭૧/૨ થી રજુ કરવામાં આવેલ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં ૧૧૩૯૭/૧૪ કામે તારીખ ૩૦/૬/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ હુકમ ધ્યાને લેવામાં આવે તો, નામદાર ગુજરાત હાઈકોટ સમક્ષ વાદી ધ્વારા કલેકટર,ભાવનગર ધ્વારા મોજે તરસમીયા સર્વે નં ૧૯/૧ કામે કરવામાં આવેલ ચર્તુથદીશા અન્યાયી,અયોગ્ય હોવા ની દાદ માંગતી રીટ દાખલ કરેલ. જે રીટમાં નામદાર ગુજરાત હાઈકોટ ધ્વારા કલેકટર,ભાવનગર ને વાદી ધ્વારા કરવામાં આવેલ રજુઆત ધ્યાને લઈ કરવામાં આવેલ માપણી,ચર્તુઃદીશા ફેરવીચારણા કરવા હુકમ કરવામાં આવેલ.જે હુકમ તારીખ ૩૦/૬/૨૦૧૫ ના રોજ કરવામાં આવ્યા બાદ આજદીન સુધી કલેકટરશ્રી ધ્વારા વાદીની રીટ કામે આપવામાં આવેલ ડાયરેકશન અન્વયે વીચારણા કરી કોઈ નીર્ણય કરેલ હોય તેવા દસ્તાવેજી પુરાવા વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ નથી.વાદી ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ઉપરોકત રીટ દાખલ કરતા પહેલા માર્ક ૭૧ /૮ થી ૧૦ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓની વિગતે જે તે સમયે કલેકટર,ભાવનગર ને આર પી એ.ડીથી અરજી કરેલ હતી.આમ,મોજે તરસમીયા રે સ નં ૧૯/૧ એકર ૪ ગુંઠા ૮ ની જમીન બાબતેની ચર્તુથદિશા બાબતે વાદી પણ ચોકકસ ન હોવાનું આથી સ્પષ્ટ થાય છે તેવા સંજોગોમાં જે કરાર ઉપર આધાર રાખી વાદી દાવો લાવેલ છે તે કરાર જાતે જ ચતુઃદીશા બાબતે સ્પષ્ટ નથી.

(૨૯)વાદી ધ્વારા માર્ક ૪/૩ થી રજુ કરવામાં આવેલ વેચાણ કરાર માં ચતુઃદીશા જણાવવામાં આવેલ નથી તેમજ મોજે સર્વે નં ૧૯/૧ ની ચર્તુઃદીશા,ફેર માપણી બાબતે કાર્યવાહી કરવામાં આવેલ છે તેમ છતાં,સને ૨૦૧૪ માં દાવો દાખલ કરતા સમયે વાદીએ પોતાની દાવાઅરજી/મનાઈહુકમની અરજીમાં ચર્તુથદીશા જાહેર કરેલ છે અને તેમાં વાદી ધ્વારા જે તે સમયે રેવેન્યુ સર્વે નં ૧૯/૧ પૈ ની અને ત્યારબાદ સર્વે ૧૯/૧ પૈકી ૧ તરીકે ઓળખાતી જમીન ની ચતુઃદીશા જાહેર કરેલ છે જે ચર્તુઃદીશા ધ્યાને લેવામાં આવે તો,પુર્વે તરસમીયાના રે સ નં ૧૮/૧ ની જમીન,પશ્ચિમે રે સ નં ૧૯/૧ પૈકી ૪ ની જમીન,ઉતરે જાહેર ડી પી રોડ અને દક્ષિણે સ નં ૧૯ પૈકી ૨ ની જમીન હોવાનું જાહેર કરેલ છે.રેકર્ડ ઉપર જયારે વાદી ધ્વારા કલેકટરશ્રી સમક્ષ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાવાવાળી મિલ્કતની ચતુઃદીશા ખોટી હોવાનું ઠરાવવા દાદ માંગેલ હતી તેવા સંજોગોમાં કરાર માં ઉલ્લેખ કરવામાં ન આવેલ ચતુઃદિશાની બાબત દાવાઅરજી/મનાઈહુકમની અરજીમાં કયા દસ્તાવેજી પુરાવાના આધારે જાહેર કરેલ તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવા વાદી પક્ષે રજુ કરવામાં આવેલ નથી.આ તબકકે વાદી ધ્વારા માર્ક ૪/૧ થી પ્રતિવાદી નં ૧ સુરેશભાઈ વલ્લભભાઈ અને પ્રતિવાદી ૨ શ્રીમતી હર્ષાબહેન જીવરાજ પટેલ અને પ્રતિવાદી નં ૩ રવજીભાઈ હીરાભાઈ પટેલ,પ્ર તિવાદી નારાણભાઈ હીરાભાઈ પટેલ,પ્રતિવાદી નં ૧૯ લલ્લુભાઈ હીરાભાઈ પટેલ,પ્રતિવાદી નં ૭ અરવીદભાઈ તળશીભાઈ પટેલ તથા પ્રતિવાદી નં ૮ વિનોદભાઈ તળશીભાઈ પટેલ વચ્ચે મોજે તરસમીયા રે સ નં ૧૯/૧ પૈકી ૧ ખેડવાણ જમીન ૦૧ હે ૮૬ આરે તથા ૧૬ ચો મીટર જમીન બાબતે તારીખ ૧૮/૧/૨૦૧૧ ના રોજ

સબરજીસ્ટાર,ભાવનગર મુકામે રજીસ્ટર્ડ થયેલ વેચાણ દસ્તાવેજ વંચાણે લેવામાં આવે તો,તો આ દસ્તાવેજ માં જણાવવામાં આવેલ ચર્તુઃદીશાની હકીકત પોતાના પ્લીડીંગ્સમાં જાહેર કરવામાં આવેલ છે.જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રુપીયા એસી લાખનો અવેજ દર્શાવવામાં આવેલ છે. અવેજની રકમ ચેકથી પ્રતિવાદી નં ૧ સુરેશભાઈ વલ્લભભાઈ, પ્રતિવાદી ર શ્રીમતી હર્ષાબહેન જીવરાજ પટેલ તરફથી પ્રતિવાદી નં ૩ રવજીભાઈ હીરાભાઈ પટેલ,પ્રતિવાદી નારાણભાઈ હીરાભાઈ પટેલ,પ્રતિવાદી નં ૧૯ લલ્લુભાઈ હીરાભાઈ પટેલ,પ્રતિવાદી નં ૭ અરવીદભાઈ તળશીભાઈ પટેલ તથા પ્રતિવાદી નં ૮ વિનોદભાઈ તળશીભાઈ પટેલ ને એકાઉન્ટ પેઈ ચેકથી તારીખ ૧૬/૧૧/૨૦૧૦,તા.૨૨/૧૧/૨૦૧૦ ના રોજ મળી અવેજની રકમ ચુકવવામાં આવેલ હોવાનું દર્શાવવામાં આવેલ છે.તેવા સંજોગોમાં વાદી ધ્વારા દાવાઅરજી/મનાઈહુકમ માં જાહેર કરવામાં આવેલ ચતુઃદીશા વાળી જગ્યા જ માર્ક ૪/૧ થી પ્રતિવાદીનં ૧ અને ૨ ના એ ખરીદ કરેલ જગ્યા છે કે કેમ તે પુરાવા લીધા વિના નીર્ણીત કરી શકાય તેમ નથી.

(૩૦)દાવા કામે માર્ક ૪/૩ ના વેચાણ કરારમાં ઉલ્લેખ કરવામાં આવેલ દી ૫ અરજી નં ૧૨૯/૯૦ બાબતે રજુ કરવામાં આવેલ પુરાવાઓ બાબતે ચર્ચા કરવામાં આવે તો,રે સ નં ૧૯/૧ પૈકી એકર ૪ ગુંઠા ૮ ની જમીન જે તે સમયે પ્રભુદાસ ગુલાબચંદ શાહની હોવાનું અને તેઓ તારીખ ૨૮/૧૨/૧૯૭૪ ના રોજ બીનવસીયતી અવસાન પામેલ હોવા બાબતે કોઈ તકરાર રહેલ નથી.આ કરાર તારીખ ૧૫/૧/૧૯૯૭ ના રોજ કરતાં સમયે ગુજરનાર પ્રભુદાસ ગુલાબચંદ શાહ ના વારસદારો ની હેસીયતે પ્રતિવાદી નં ૧૦ થી ૧૬ ના આ એ વારસા સટીફિકટ મેળવવા દી ૫ અરજી નં ૧ ૨૯/૯૦ દાખલ કરેલ હતી અને પ્રતિવાદી રવજી હીરા પટેલ વિ ધ્વારા ગુજરનારના કહેવાતા વીલના આધારે દી ૫ અરજી નં ૨/૯૧ દાખલ કરવામાં આવેલ હતી.દી ૫ અરજી નં ૨/૯૧ કામે તારીખ ૧૬/૨/૯૧ ના રોજ પબ્લીક નોટીસ આપવામાં આવેલ હોવાનું, પ્રતિવાદી નં ૩,૪ તરફે માર્ક ૩૦/૧ થી રજુ થયેલ વર્તમાનપત્રનું કટીંગ જોતા જણાય આવે છે.જે અરજી કામે પ્રતિવાદી નં ૧૭ મહેન્દગીરી ગોસ્વામી તથા રાજેશીગીરી ભગવાનગીરી એ પક્ષકાર તરીકે જોડાવવા તારીખ ૨૦/૧૦/૨૦૧૨ ના રોજ આંક ૮૨ થી અરજી દાખલ કરેલ હતી.અદાલત સમક્ષ દાખલ થયેલ અરજી કામે થયેલ કાર્યવાહી બાબતે વાદી પક્ષે માર્ક ૩૭/૫ તથા માર્ક ૩૭/૬ થી રજુ કરવામાં આવેલ કોર્ટ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો,રવજી હીરા પટેલ,નારાણ હીરા પટેલ,લલ્લુ હીરા પટેલ તથા તુલશી હીરા પટેલ ધ્વારા જે તે સમયે ભારતીય વારસાધારા કલમ ૨૭૬ અન્વયે ગુજરનાર પ્રભુદાસ ગુલાબચંદ શાહ તારીખ ૨૬/૧૨/૧૯૭૪ ના રોજ અવસાન પામેલ હોય,પોતાની તરફેણમાં ગુજરનારે તારીખ ૧૧/૧૦/૧૯૭૪ ના રોજ વીલ કરી આપેલ હોવાનું કથન કરી,અરજી દાખલ કરતાં,તેમાં વાંધેદાર તરીકે પ્રતાપરાય રતીલાલ હકાણી અદાલત સમક્ષ હાજર થઈ વિગતવાર વાધાં રજુ કરી ગુજરનાર ની વીલ કરવાની કેપેસીટી તથા વીલની જેન્યુઈનનેસ ચેલેન્જ કરી,અરજી કોન્ટેસ્ટ કરેલ હતી પરંતુ ત્યારબાદ આંક ૪૨ થી પ્રતાપ રતીલાલ હકાણી એ ઘરમેળે સમાધાન થયેલ હોવાનું સોગંધ ઉપર જાહેર કરી,તરસમીયા મુકામે આવેલ સર્વે નં ૧૯/૧ આશરે ૧૨ વીઘાની ખેતીની જમીન,રહેણાંકી મકાન બાબતે સ્વ પ્રભુદાસ ગુલાબચંદ ધ્વારા કરવામાં આવેલ વીલ ના તમામ હકકો સ્વીકારી વાંધા તકરાર પાછી ખેચી,વહીવટીપત્ર

મળવા વાંધો ન હોવાનું જણાવતાં તથા પોતાના ધ્વારા દાખલ કરવામાં આવેલ દી ૫ અરજી નં ૧૨૯/૯૦ ચલાવવા માંગતા ન હોવાનું જાહેર કરતાં,તારીખ ૦૩/૦૭/૨૦૧૦ ના રોજ ૭મા એડીશ્નલ સીનીયર સીવીલ કોર્ટ,ભાવનગર ધ્વારા પ્રોબેટ કાઢી આપવા હુકમ કરવામાં આવેલ જે કામે કરવામાં આવેલ હુકમની ખરી નકલ વાદી પક્ષે માર્ક ૩૭/૫ થી રજુ કરવામાં આવેલ છે જે હુકમ વિરુધ્ધ ગુજરનાર ગીરધરભાઈ વાલજીભાઈ,ગુજરનાર રવજીભાઈ ગીરધરભાઈના વારસદારો એ રે દી અપીલ નં ૧૨/૧૧ દાખલ કરતાં તારીખ ૨૭/૫/૨૦૧૧ ના રોજ નામદાર એપેલેટ કોર્ટ,ભાવનગર ના એ પ્રતાપ રતીલાલ હકાણી ધ્વારા દાખલ કરવમાં આવેલ દી ૫ અરજી નં ૧૨૯/૯૦ અંગત કેપેસીટીમાં દાખલ કરેલ હોવાથી અંગત કેપેસીટીથી વિથ ડ્રો કરેલાનું યોગ્ય ઠરાવેલ અને દી ૫ અરજી નં ૨/૯૧ કામે ટ્રાયલ કોર્ટ નો હુકમ રદ કરી,વીલમાંની સહી બાબતે પુરાવો રજુ કરવા,કેસ ગુણદોષ ઉપર ચલાવવા રીમાન્ડ કરેલ અને તારીખ ૧૭/૬/૨૦૧૧ ના રોજ ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર રહેવા આદેશ આપેલ હતો.ત્યારબાદ પ્રતિવાદી નં ૧૭ ધ્વારા દીવાની પરચુરણ અરજી ૨/૯૧ કામે તારીખ ૨૫/૨/૨૦૧૩ ના રોજ ટ્રાયલ કોર્ટ સમક્ષ વિગતવાર પુરશીશ રજુ કરી, દાખલ કરવામાં આવેલ સ્પે દી દા ૧૪૭/૧૦,રે દીવાની અપીલ નં ૯૨/૦૯ નો પણ ઉલ્લેખ કરી દિવાની પરચુરણ અરજી નં ૨/૯૧ કામે પક્ષકાર તરીકે જોડાવવા આંક ૮૨થી કરેલ અરજી પાછી ખેચી લીધેલ.જે કામે પ્રતિવાદી નં ૧૭ ધ્વારા તારીખ ૨૫/૦૨/૨૦૧૩ ના રોજ નોટરી સમક્ષ એફીડેવીટ(માર્ક ૩૦/૪) પણ કરવામાં આવેલ.જે એફીડેવીટ ધ્યાને લેતાં તેમાં રુપીયા પાંચ લાખ તારીખ ૨૫/૦૨/૨૦૧૩ ના રોજ લલ્લુભાઈ હીરાભાઈ વતી હર્ષાબહેન પટેલે પ્રતિવાદી નં ૧૭ ને અને રુ પાંચ લાખ રાજેશગીરી ભગવાનગીરી ને સુરેશભાઈ પટેલે ચુકવેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે પરંતુ તે માત્રથી વાદીના એગ્રીમેન્ટ ટુ સેલ ને નજર અંદાજ કરી,આ તમામ કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું અનુમાન આ સ્ટેજે કરી શકાય નહી.કારણ કે, કોઈપણ વિથ ડ્રો પુરશીશ ,સોગંધનામમાં પ્રતિવાદી નં ૧૭ ધ્વારા વાદીની તરફેણમાં સને ૧૯૯૭ માં કરવામાં આવેલ પાવર ઓફ એટર્નીનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો નહી તેમજ દાવા રેકર્ડ વંચાણે લેતાં પણ સો પ્રથમ દાવાસમન્સ/મનાઈહુકમની અરજીની તારીખ ૧૪/૬/૨૦૧૪ મુદતની બજવણી પ્રતિવાદી નં ૧૦ થી ૧૬ કે જેઓ ના પાવરદાર પ્રતિવાદી નં ૧ ૭ હોવાનું કરારમાં જણાવવામાં આવેલ છે તેમની પત્નિ ઉપર જે તે સમયે બજવણી કરવામાં આવતાં,પ્રતિવાદી નં ૧૭ ના પત્નિ એ સ્વીકારેલ અને ત્યારબાદ અન્ય પ્રતિવાદીઓ અદાલત સમક્ષ હાજર થઈ,પ્રતિવાદી નં ૧૦ થી ૧૬ ના મરણ ના દાખલા રજુ કરેલ અને ત્યારબાદ પ્રતિવાદી નં ૧૦ થી ૧૬ ને ડીલીટ કરવા બાબતે વાદી પક્ષે તારીખ ૦૭/૦૮/૨૦૧૪ આંક ૪૮ થી પુરશીશ ફાઈલ કરવામાં આવેલ.જે વતણુંક પણ ધ્યાને લેતાં પ્રતિવાદી નં ૧૭ ના પત્નિ એ પોતે એજન્ટ ન હોવા છતાં વેચાણ કરારમાં રહેલ પ્રતિવાદી નં ૧૦ થી ૧૬ ના પ્રોસેસ પરત કરવાના બદલે સ્વીકારેલ છે. જે ધટનાક્રમ જોતાં વાદી અને પ્રતિવાદી નં ૧૭ વચ્ચે સારા સંબધો હોવાનું અને સને ૨૦૧૩ માં થયેલ(એફીડેવીટ,વિથ ડ્રે પુરશીશ) કાર્યવાહી સમયે ચોકકસ રીતે આ કરારની હકીકતો જાણતાં હોવા છતાં પ્રતિવાદી નં ૧૭ ધ્વારા આહકીકત જે તે સમયે જાહેર કરવામાં હતી નહી. માર્ક ૪/૩ થી રજુ કરવામાં આવેલ વેચાણ કરાર બાબતે વિશેષ ચર્ચા કરવામાં આવે તો,સને ૧૯૯૭ માં વેચાણ કરાર સમયે કરારમાં જણાવેલ મિલ્કતનું ટાઈટલ ડીસ્યુટેડ હોવા છતાં તેમજ ગુજરનારની મિલ્કત બાબતે દી ૫ અરજીઓ દાખલ થયેલ હોવાનું અને ન્યાયીક કાયવાહી

અથે પેન્ડીંગ હોવાની અંગત જાણકારી વાદીને હતી અને તેમ છતાં કરાર મુજબ નવ લાખ જેવી માતબર રકમ આપેલ હોવાનું માનવામાં આવે તો પણ સને ૧૯૯૭ બાદ દાવો દાખલ થતાં સુધીમાં, બંન્ને અરજી ના પ્રોસીડીગ્સ પુર્ણ થઈ ગયેલ હોય તેમ છતાં પ્રુડન્સ મેન તરીકે વાદી ધ્વારા પ્રતિવાદી નં ૧૭ સમક્ષ કાર્યવાહી,ઈન્કવાયરી કરવામાં આવેલ નથી.જેથી વાદીની દરમ્યાન મનાઈહુકમ ની અરજીને ડીલે લેજીસ નો બાધ નડે છે.વિશેષમાં,વાદી ધ્વારા પ્રતિવાદી નં ૧૭ ધ્વારા કરવામાં આવેલ સોગંધનામાની હકીકતોના આધારે સને ૨૦૧૩ માં ટ્રાયલ કોર્ટ ધ્વારા દી ૫ અરજી નં ૨/૯૧ કામે કરવામાં આવેલ હુકમ તથા હાલના દાવામાં સમાવીષ્ટ તમામ વિષય વસ્તુ ને આવરી લઈ નામદારગુજરાત હાઈકોર્ટ સમક્ષ સીવીલ એપ્લીકેશન (લીવ ટુ અપીલ) નં ૮૭૬૩/૨૦૧૪પણ દાખલ કરેલ છે.જે રીટ પીટીશન,ઓર્ડર વાદી પક્ષે માર્ક ૭૧/૭ થી રજુ કરવામાં આવેલ છે.

(૩૧)વિશેષમાં,વાદીના કથન અનુસાર એપેલેટ કોર્ટ ધ્વારા દીવાની પરચુરણ અપીલ નં ૧૨/૨૦૧૧ કામે તારીખ ૨૭/૫/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ હુકમ બાદ,પરસ્પર મેળાપીપણામાં માર્ક ૪/૧ વાળો દસ્તાવેજ અયોગ્ય લાગવગ થી થયેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે. પરંતુ માર્ક ૪/૧ થી પ્રતિવાદી નં ૧,૨ ધ્વારા પ્રતિવાદી રવજીભાઈ હીરાભાઈ વિ પાસેથી ખરીદ કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ વંચાણે લેવામાં આવે તો,તેમાં પ્રતિવાદી રવજીભાઈ હીરાભાઈ વિ એ રે સ નં ૧૯/૧ પૈકી ૪ એકર ૩૩ ગુંઠાની જમીન અમરચંદ રવજભાઈ,નંદલાલ રવજીભાઈ તથા લક્ષ્મીચંદ રવજીભાઈના હીસ્સામાં આવેલ તેઓની પાસેથી તારીખ ૧૫/૦૯/૯૯ ના રોજ રજીસ્ટર્ડ દસ્તાવેજથી જમીન ખરીદ કરેલ તે જમીન નો વેચાણ દસ્તાવેજ કરાવવામાં આવેલ છે અને તે દસ્તાવેજ સબરજીસ્ટાર કચેરી,ભાવનગર મુકામે તારીખ ૧૮/૧/૨૦૧૧ ના રોજ રજીસ્ટર્ડ કરવામાં આવેલ હતો. ટી પી એકટ કલમ ૪ મુજબ પણ રજીસ્ટ્રશન ઓફ ડોકયુમેન્ટ પણ કંન્સ્ટ્રકટીવ નોટીસ ગણી શકાય. પ્રતિવાદી રવજીભાઈ હીરાભાઈ ને વેચનાર અમરચંદ રવજભાઈ,નંદલાલ રવજીભાઈ તથા લક્ષ્મીચંદ રવજીભાઈ ધ્વારા સને ૧૯૯૯ માં કરવામાં આવેલ દસ્તાવેજ તેમજ પ્રતિવાદી નં ૧૭ ધ્વારા માર્ક ૫૩/૧ થી રજુ થયેલ (અને પ્રતિવાદી નં ૩,૪ તરફે માર્ક ૩૦/૯ થી રજુ થયેલ) રે સ નં ૧૯–૧ એકર ૪ ૩૩ ગુંઠા બાબતે થયેલ તારીખ ૨૯/૧/૨૦૦૪ ના રોજ થયેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ દાવા કામે વાદી ધ્વારા ચેલેન્જ કરવામાં આવેલ નથી.જો કે ગુજરનાર પ્રભુદાસ ગુલાબચંદ વીલ બનાવટી ઉભુ કરવામાં આવેલ હોવા બાબતે વાદી પક્ષે માર્ક ૪/૧૪ રવજી હીરા પટેલ વિ વિરુધ્ધ દાખલ થયેલ એફ આઈ આર,માર્ક ૪/૧૨ થી હેન્ડ રાઈટીંગ એકસપર્ટ ઓપીનીયન,માર્ક ૪/૧૩ થી વીલમાં ઓળખ આપનાર એડવોકેટ વી કે શાહનું પોલીસ સમક્ષ તારીખ ૩૧/૦૧/૧૯૯૭ ના રોજ કરેલ સોગંધનામું તથા માર્ક ૩૭/૩ થી ફો કે નં ૨૬૮૦/૯૭ ચાર્જશીટ રજુ કરેલ છે જે કેસમાં કોઈ પરીણામ આવેલ છે કે કેમ તે બાબતે કોઈ હકીકત રેકર્ડ ઉપર જાહેર થયેલ નથી.વિશેષમાં,વાદી પક્ષે માર્ક ૭૧/૧ થી દીવાની પરચુરણ અરજી નં ૧૧/૭૫ કામે કરવામાં આવેલ રોજકામની ખરી નકલ તથા માર્ક ૫૫/૧ થી દી ૫ અરજી નં ૧૧/૭૫ કામે ની અરજી,આંક ૫ ની અરજી,આંક ૧૬ ની અરજી,આંક ૧૭ ની અરજી,આંક ૨૧ ની અરજી,આંક ૨૫ ની અરજી તથા આંક ૩૩ ની ખરી નકલ રજુ કરેલ છે.જે તમામ ખરી નકલો ધ્યાને લેતાં,નવલબેન મુલચંદ ધ્વારા બોમ્બે રેગ્યુલેશન એકટ ,૧૮૨૭ અન્વયે ગુજરનાર

ગુલાબચંદ ની સર્વે નં ૧૯/૧ પૈકી એકર ૪ ગુંઠા ૩ તથા એક નાના રુમ બાબતે દાખલ કરતાં,કંચનબહેન ડાયાલાલ હાજર થઈ ગુજરનાર તેઓના સગા ભાઈ થતા હોય સંયુકત વારસા સટીફિકેટ મંજુર કરવા તકરાર ઉઠાવેલ,શ્રી સરકાર તરફે એ જી પી એ વાંધા નોધાવી સર્વે નં ૧૯/૧ ની જમીન એકસ સ્ટેટ ઓફ ભાવનગર તરફથી એકવાયર કરવામાં આવેલ હોવાની તકરાર ઉઠાવી હેરશીપ સર્ટીફિકેટ મંજરુ કરવા પાત્ર ન હોવાનું જાહેર કરેલ ત્યારબાદ મુદા ઘડવામાં આવતાં નામદાર કોર્ટ તરફથી વાંધા લેનાર રામજી હીરા પટેલ ટેન્ટન્ટ હતા કે કેમ તે મુદો ઘડેલ અને ત્યારબાદ દાખલ થયેલ દી ૫ અરજી તા.૧૮/૮/૮૧ ના રોજ ડીસમીસ ફોર ડિફોલ્ટ થયેલ અને ત્યારબાદ અરજી કામે તારીખ ૩૧/૮/૯૫ નાા રોજ રોજકામ થયેલ હોવાનું જણાય આવે છે આ રોજકામમાં સામાવાળા ના વકીલ ઘ્વારા અરજી નોટ પ્રેસ કરતા અરજી ફેસલ કરવામાં આવેલાનું જણાય છે.તેવા સંજોગોમાં દાવાઅરજી/મનાઈહુકમની અરજીમાં જણાવવામાં આવેલ મિલ્કત અને માર્ક ૪/૧ ના વેચાણ દસ્તાવેજમાં ઉલ્લેખ કરવામાં આવેલ મિલ્કત એક જ છે કેમ તે અને તેને લક્ષ્માં રાખી પ્રતિવાદીઓ ઘ્વારા આ કાર્યવાહી કરવામાં આવેલ હોવાની હકીકત પણ પુરાવા નોઘ્યા વિના નીર્ણીત કરી શકાય તેમ નથી.આ ઉપરાંત વાદીની દાવાઅરજી/મનાઈહુકમ ની અરજી પેરા ૧૨ મુજબ હેકટર ૧–૮૬– ૧૬ ચો મી તથા હે૦–૦૯–૧૧ ચો મી મળી કુલ હેકટર ૧–૯૫–આરે– ૨૭ ચો મી જમીન દર્શાવેલ છે જયારે સને ૧૯૯૭ માં થયેલ વેચાણ કરાર માં એકર ૪ અને ૮ ગુંઠા દર્શાવેલ છે. જે માપ સાઇઝ વાળી જમીન જ વાદગ્રસ્ત જમીન છે કે કેમ? વેચાણ કરાર મુજબની સર્વે ૧૯/૧ પૈકી તરીકે રહેલ અને હવે સર્વે નં ૧૯/૧ પેકી ૧ તરીકે ઓળખાતી જમીન અને વાદી પક્ષે માર્ક ૪/૧ થી રજુ થયેલ વેચાણ દસ્તાવજમાં સર્વે નં ૧૯/૧ પૈકી ૧ દર્શાવવામાં આવેલ તે જમીન એક જ છે કે કેમ તે બાબત ચોકકસ પુરાવો નોઘ્યા વિના નીર્ણીત કરી શકાય તેમ નથી. જેથી પણ હાલના તબકકે વચગાળાનો દરમ્યાન મનાઈહુકમ ફરમાવવો ઉચીત જણાતો નથી.

(૩૨)વાદીએ કામચલાઉ ની અરજી સાથે આંક ૬થી કોર્ટ રીસીવર નીમવા પણ અરજી દાખલ કરેલ છે. પરંતુ વાદીએ હાલનો દાવો સને ૧૯૯૭ ના એગીમેન્ટ ટુ સેલ ના આધારે દાખલ કરેલ છે. એગીમેન્ટ ટુ સેલથી મિલ્કતમાં રાઈટસ ટાઈટલ ક્રીએટ થતા નથી. વાદીએ દાવાઅરજીમાં જણાવેલ ચતુઃદીશા મુજબ ની જમીન કે જે વીલ મુજબની જમીન છે અને તે જ જમીન પ્રતિવાદી નં ૧ અને ૨ ના એ રજીસ્ટડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ તે જ છે કે કેમ તે હકીકત પુરાવા નોઘ્યા વિના ચોકકસ રીતે નીણીત કરી શકાય તેમ ન હોય,પ્રથમ દર્શનીય રીતે વાદીનો એકસલન્ટ કેસ જણાતો ન હોય,વાદીના હકક હીત વાળી જમીન બાબતે ખરી તકરાર મેરીટસ પર નીણીત કરવાની બાકી હોય,દીવાની કાર્યરીતી સંહીતા હુકમ ૪૦ રુલ ૧ ની જોગવાઈ વંચાણે લેતા રીસીવરની નીમણુંક કરવાની સતા અદાલતની વિવેકાધીન સતા રહેલ હોય ત્યારે કોઈપણ જાતના રાઈટસ અસ્તિત્વમાં હોવાનું સ્થાપિત કર્યા વિના જો રીસીવર નીમણુંક કરવામાં આવે તો,પ્રતિવાદી નં ૧,૨ ના એ રજીસ્ટડ દસ્તાવેજથી ખરીદ કરેલ મિલ્કત ના સેટલ પઝેશન થી ડીસપજેશ થાય તેમ હોય,સીવીલ લો ઘ્વારા પ્રોવાઈડ કરવામાં આવેલ રેમેડીઝ રેર, એકસ્ટ્રીમ તથા હાર્શ પ્રકારની હોય,ખાસ સંજોગો જણાતા હોય તો તેવા કિસ્સામાં જ રીસીવર નીમવાના અદાલતે હુકમ કરવો જોઈએ તેવી કાયદાકીય સ્થિતિ જોતાં રીસીવર નીમવાની અરજી મંજુર કરવા પાત્ર જણાતી નથી.

(૩૩)વાદી પક્ષે રજુ કરવામાં આવેલ કાનુની જોગવાઈ તથા કાનુની ચુકાદા બાબતે ચર્ચા કરવામાં આવે તોઃ

(એ)ગુજરાત લેન્ડ રેવેન્યુ કોર્ડ,૧૮૭૯ કલમ ૧૧૯ રજુ કરવામાં આવેલ છે જે કાયદાકીય સ્થિતિ મુજબ સવેયરે ખેતર ની બાઉન્ડરી બાબતે કરવાની કાર્યવાહી નકકી કરવામાં આવેલ છે.

(બી)૧૯૭૧(૦)જીએલઈએલ એસ સી ૬૫૦(અહેમદાવાદ મ્યુનીસીપલ કોપેરેશન વિ હાજી અબ્દુલગફુર હાજી હુશેન) નો ચુકાદો રજુ કરવામાં આવેલ છે જે ચુકાદામાં બોમ્બે પ્રોવીશલ મ્યુનીસીપલ કોપેરેશન એકટ ૧૯૪૯,ટી પી એકટ ૧૮૮૨,સી પી સી ઓર્ડર ૨૧ રુ૯ ૯૧ હેઠળ મિલ્કત હરરાજી થી ખરીદ કરવામાં આવે ત્યારે ભરવા પાત્ર ટેક્સ બાબતે ની તકરાર રહેલ હતી.

(સી)૨૦૧૦(૩) જી એલ એચ ૪૪૭ (સ્ટેટ ઓફ ગુજરાત મારફતે સ્પે લેન્ડ એકવીઝેશન ઓફીસર અને બીજા વિ અમ્માજી મોહનજી ઠાકોર) માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા લેન્ડ એકવીઝેશન એકટ કલમ ૨૩ બાબતે સિધ્ધાંત નકકી કરવામાં આવેલ.

(ડી)૧૯૮૨(૨) જી એલ આર ૪૯ (ગુજરાત સ્ટેટ ફાયાન્સીયલ કોપોરેશન વિ એમ એસ લોટલ હોટેલ પ્રા લીમીટેડ) ના કીસ્સામાં ભારતીય બંધારણ કલમ ૧૨ મુજબ જી એસ એફ સી સ્ટેટ ની વ્યાખ્યામાં આવતું હોવાથી,પ્રોમીસરી એસ્ટોપલનો બાધ નડતો હોવાનું ઠરાવી જી એસ એફ સી એ પોતાનું કંપની સાથે થયેલ કમીટમેન્ટ ને માન આપવું જોઈએ.હાલના કીસ્સામાં સરકારશ્રી પક્ષકાર ન હોય,પ્રોમીસરી એસ્ટોપલ લાગુ પડે નહી.

(ઈ)૧૯૮૩(૨) જી એલ આર ૯૬૨ (ઇબ્રાહીમ શાહ વિ નુર અહેમદ)ના કીસ્સામાં મુસ્લીમ વીલ તથા ઓરલ ગીફટ ની હકીકત રહેલ અને તેને ધ્યાને લઈ કામચલાઉ મનાઈહુકમ મંજુર કરવાના સિધ્ધાંત નકકી કરેલ હતા.

(એફ)સી એ વી જજમેન્ટ નામદાર ગુજરાત હાઈકોર્ટ સ્પે સીવીલ એપ્લીકેશન નં ૪૮૬૨/૨૦૧૩ તારીખ ૦૩/૦૪/૨૦૧૪ (ધર્મેશ મણીલાલ પટેલ વિ શાતીલાલ રામજીભાઈ ગાલા) ના કિસ્સામાં વાદી દાવાવાળી મિલ્કત ના માલીક હતા અને ત્યારબાદ વેચાણ કરનાર ની કાર્યવાહી કરવામાં પાવર ઓફ એટર્ની પ્રતિવાદી નં ૧ ને આપવામાં આવેલ.પ્રતિવાદી નં ૧ ધ્વારા વાદી ને પ્રતિવાદી તરીકે જોડી મિલ્કત ના મુળ માલીક વિરુધ્ધ ટાઈટલ અને પઝેશન નો દાવો સ્પે દી દા ૧૧૮/૨૦૦૦ દાખલ કરવામાં આવેલ અને વાદીને ડીલીટ કરી,સમાધાન કરવામાં આવેલ.પાવર ઓફ એટર્ની ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી બાબતે ચર્ચા કરવામાં આવેલ.આ કીસ્સામાં મિલ્કતની ઓળખ અંગેની તકરાર પણ એડમીટ હતી તેવા કિસ્સામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા કામચલાઉ મનાઈહુકમ મંજુર કરવામાં

આવેલ.હાલના કિસ્સામાં દાવાઅરજીમાં પ્લીડ કરવામાં આવેલ મિલ્કત,કરાર માં ઉલ્લેખ કરવામાં આવેલ મિલ્કત અને પ્રતિવાદી નં ૧ અને ૨ ના એ ખરીદ કરેલ જમીન ની આઈડેન્ટીટી બાબતે જ તકરાર રહેલ છે.જેથી ચુકાદો વાદી પક્ષને મદદરુપ બનતો નથી.

(જી)૧૯૯૪(૧) જી એલ એચ ૨૧૫ (દેશ બંધુ ગુપ્તા વિ એન એલ આનંદ) સુપ્રિમ કોર્ટ સમક્ષ ના કિસ્સામાં નોટ કે વંચાણે લેતાં ઓર્ડર ૨૧ રુલ ૯૦(૩) ને આનુષંગીક કેવીએટર એમ્પટર ની ચર્ચા કરવામાં આવેલ.જે હકીકત હાલના કીસ્સામાં રહેલ નથી.

(એચ)એ આઈ આર ૧૯૯૮ સુપ્રિમ કોર્ટ ૨૮૬૧ (ગુરદયાલ કૌર અને બીજા વિ કરતાર કૌર અને બીજા) ના કીસ્સામાં વારસાધારા,૧૯૨૫ કલમ ૬૧ હેઠળ વીલ પુરવા બાબતે સિધ્ધાંત પ્રતિપાદીત કરવામાં આવેલ છે જે હાલના તબકકે મદદરુપ થઈ શકે તેમ નથી.

(જી)એ આઈ આર ૨૦૦૯ એસ સી ૧૫૯૩ (પરમાનંદ પટેલ(વારસો વિ સુધા એ ચૌઉગલે) ના ચુકાદમાં નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા રીસીવર ની નીમણુંક બાબતે સિધ્ધાંત સ્થાપિત કરવામા આવેલ છે.જેમાં પારા ૧૫ માં રીસીવર નીમણુક બાબતે વાદીનો મિલ્કત પરત્વેનો સફળ થઈ શકે તેવો પ્રથમ દર્શનીય કેસ હોય અને તેની મિલ્કતના હકક હીત એડવસર્લી અસર થાય ત્યારે જો કબજામાં રહેલ પક્ષકાર ડિસપઝેસ થાય તેમ ન હોય તો રીસીવર નીમવા જણાવેલ છે અને પક્ષકારોનું વર્તન ધ્યાને લેવું જોઈએ તેવું ઠરાવેલ છે હાલના કિસ્સામાં એગીમેન્ટ ટુ સેલ હોય,મિલ્કતની ઓળખ અંગેની પણ તકરાર રહેલ છે જેથી આ ચુકાદો પણ વાદીને મદદરુપ બનતો નથી.

(એચ)૨૦૧૦(૦)એઆઈએમએચ –૧૪૯૩૨૫ બોમ્બે હાઈકોર્ટ (અશ્વિની અશોક વિ સ્ટેટ ઓફ મહારાષ્ટ) ના ચુકાદામાં કિ પો કોર્ડ કલમ ૪૩૮ ના કિસ્સામાં રજીસ્ટ્રેશન એકટ કલમ ૩૪ બાબતે ચર્ચા કરવામાં આવેલ જે ચુકાદો પણ વાદી પક્ષને મદદરુપ થઈ શકે તેમ નથી.

(આઈ)૨૦૦૬(૧)જીએલએચ ૧૭૧ (કાંતીભાઈ ઈશ્વરભાઈ પટેલ વિ ચંન્દ્રકાન્ત ઇશ્વરભાઈ પટેલ) ના કિસ્સામાં પાર્ટીશન બાબતે દાવો દાખલ કરવામાં આવેલ હતો.જે ચુકાદામાં નોટ બી,સી માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા હીન્દુ સકશેશન એકટ કલમ ૬ ,૮ બાબતે સિધ્ધાંત પ્રતિપાદીત કરવામાં આવેલ.જે પણ હાલના દાવાના સ્વરુપ થી અલગ છે.

(જે)એ આઈ આર ૨૦૦૭ સુપ્રિમ કોર્ટ ૧૫૪૬ (એ વી પપાપ્યયા વિ ગર્વમેન્ટ ઓફ એ પી) ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા યુ એલ સી એકટ હેઠળ આથોરીટી ને આપવામાં આવેલ સુચના,ફ્રોડ ના કિસ્સામાં નામદાર

સુપ્રિમકોર્ટ ધ્વારા ફોડ બાબતે વિવીધ ચુકાદાઓ બાબતે ચર્ચા કરેલ.હાલ અદાલત દરમ્યાન મનાઈહુકમની અરજી,રીસીવર બાબતે ની અરજી નીર્ણીત કરતી હોય,દાવાના આખરી નીકાલ સમય આ ચુકાદામાં સ્થાપિત સિધ્ધાતો,ધ્યાને લઈ શકે તેમ છે.

(કે) ૨૦૦૯(૦) જીએલએચ ઈએલ–એસ સી ૪૩૦૦૪ સુપ્રિમ કોર્ટ (એન શ્રીનીવાસ વિ એમ એસ કુટકરન મશીન ટુલ્સ લીમીટેડ) ના કીસ્સામાં પક્ષકારો વચ્ચે એગીમેન્ટ થયેલ હોવા છતાં,એક પક્ષકારે કરારમાં સમય એ હાર્દ હોવાની તકરાર ઉઠાવેલ,આરબીટેશન કલોઝ ની જોગવાઈ રહેલ હતી જે હાલના કીસ્સાથી અલગ છે.

(એલ)૨૦૧૩(૨)જીએલએચ ૨૫૨ (તારાબહેન ડો ઓફ નાનુભાઈ કસનભાઈ પટેલ વિ શૈલેશભાઈ રંગીલભાઈ પટેલ અને બીજા) ના કિસ્સામાં નામદાર ગુજરાત હાઈકોટ ધ્વારા એગીમેન્ટ,કરાર ચોકકસ ફોમમાં જરુરી ન હોવાનું,લેખીત જરુરી ન હોવાનું અને પક્ષકારો વચ્ચે કરવામાં આવેલ લખાણથી એગ્રીમેન્ટ ના તમામ તત્વો સંતોષાતા હોય તો,તેને કંન્કલુડેડ કોન્ટ્રાકટ કહી શકાય તેવું ઠરાવવામાં આવેલ છે જે કાયદાકીય સ્થિતિ અદાલત ધ્યાને લેવા બંધાયેલ છે.હાલના દાવામાં વાદી પક્ષે રજુ થયેલ એગ્રીમેન્ટ ટુ સેલ સાથે પ્રતિવાદી નં ૧ અને ૨ ધ્વારા ખરીદ કરવામાં આવેલ જમીન ની આઈન્ડેન્ટીટી બાબતે ડીસ્યુટ હોય તેવા સંજોગોમાં આ ચુકાદો વાદી પક્ષને મદદરુપ થતો નથી.

(એમ)૧૯૯૯(૧)જી એલ એચ ૧૦૫૨ (અશ્વિનકુમાર કે પટેલ વિ ઉપેન્દ્ર જે પટેલ) સુપ્રિમ કોર્ટ ના કિસ્સામાં વાદી પરમીસીવ પઝેશન હોવાનું,માલીક ધ્વારા સ્વીકારવામાં આવતાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું માનવામાં આવેલ અને વાદીની તરફેણમાં કામચલાઉ મનાઈહુકમ આપવામાં આવેલ હાલના કિસ્સામાં વાદી પરમીસીવ પઝેશનમાં જ હોવાની તકરાર રહેલ ન હોય,સ્પેશીફીક પ્લીડીંગ ન હોય ,તેથી ચુકાદો મદદરુપ બને તેમ નથી.

(એન)૨૦૦૯(૦)જીએલએચઈએલ–એસ સી ૪૭૮૩૫ (મેસ.જુલીયન એજયુકેશનલ ટ્રસ્ટ વિ સૌરેન્દ્રકુમાર રોય) ના કીસ્સામાં એપેલેટ તથા રીસ્પોડન્ટ વચ્ચે ઓરલ એગ્રીમેન્ટ થયેલ હતો,મિલ્કત ની આઈડેન્ટીટી સ્પષ્ટ હતી અને કો શેરર ધ્વારા સ્ટેટ કો મેળવેલ હોવાથી રીટન એગ્રીમેન્ટ થઈ શકેલ ન હતો ત્યારે તે કેસના મેરીટસ નજરે કામચલાઉ મનાઈહુકમ આપેલ હતો.

(ઓ)૨૦૧૦(૦)જીએલએચઈ એલ–એસ સી–૪૯૨૧૮(ટી જી અશોકકુમાર વિ ગોવીદામલ)ના કિસ્સામાં એપેલેટ ડેકલેરેશન કાયમી મનાઈહુકમ બાબતે દાવો દાખલ કરેલ હતો ટી પી એકટ કલમ ૫૨ એ નો પ્રશ્ન રહેલ,પાટીશન નો દાવો રહેલ અને આખરી ચુકાદાથી કાયવાહી નીકાલ કરવામાં આવેલ હતી જે પણ હાલના કિસ્સા સાથે સુસંગત નથી.

(પી)૨૦૦૬(૦)જીએલએચઈએલ–એસસી–૩૮૩૯૩ (સંજય વમા વિ માનીક રોય) ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોટ સમક્ષના કીસ્સામાં જરુરી પક્ષકાર કોણે ગણી શકાય તથા ટી પી એકટ કલમ ૫૨ ની હકીકત રહેલ,અપેલેટ ની તરફેણમાં કામચલાઉ મનાઈહુકમ મંજુર કરવામાં આવ્યા બાદ મિલ્કત હસ્તાંતર થયાની બાબત રહેલ હતી

(કયુ)૨૦૦૮(૩) જી એલ એચ ૩૭૧ સુપ્રિમ કોટ (ગુરુસ્વામી નાદાર વિ પી લક્ષ્મી અમ્માલ મારફતે વારસો) ના કિસ્સામાં ટી પી એકટ કલમ ૫૨ બાબતે ચચા કરી ,મિલ્કતનું બીજુ વેચાણ પ્રથમ વેચાણ ને ઓવરાઈડ કરે નહી તેવું ઠરાવવામા આવેલ જે પણ હાલના કિસ્સાથી અલગ છે.

(આર)૨૦૦૪(૦)જીએલએચઈએલ–એસ સી ૧૬૬૬૧ (મહારવાલ ખેવાજી વિ બલદેવ દાસ) ના કિસ્સામાં એપેલટ ધ્વારા પઝેશન સ્યુટ દાખલ કરવામાં આવેલ જે પણ હાલના કિસ્સાથી અલગ છે.

(એસ) ૨૦૧૩(૦)જીએલએચ–એસ સી ૫૩૯૨૭ (થોમસન પ્રેસ ઈન્ડીયા લીમીટેડ વિ નાનક બિલ્ડસ) ના કીસ્સામાં ટી પી એકટ કલમ ૫૨,સી પી સી ઓ ૧ રુલ ૧૦,સ્પેશીફીક રીલીફ એકટ કલમ ૧૬,૧૯ ની જોગવાઈઓ રીફર કરી,નામદાર સુીપ્રમ કોટ ધ્વારા ચાલતા દાવે મિલ્કત હસ્તાંતર કરવામાં આવે તો નવા ખરીદનાર ને પ્રતિવાદી તરીકે જોડી શકાય,કલમ ૫૨ ની જોગવાઈ હસ્તાંતર ને બાધીત ન હોવાનું અને કામચલાઉ મનાઈહુકમ મંજુર થયા પછી હસ્તાંતર થાય તો જે પક્ષકારે ભંગ કરેલ હોય તેને બ્રીચ કરેલ હોય તે દંડનીય હોવાનું ઠરાવેલ હતું.

(ટી)૨૦૧૨(૦)એઆઈજે–એમએચ ૧૬૩૭૨૯ (મલાડ કોકીલ કો ઓપરેટીવ હાઉસીગ સોસાયટી લીમી. વિ મોડન કંન્સ્ટ્રકશન લીમી ના કિસ્સામાં) મહારાષ્ટ્ર ઓનરશીપ ફલેટ તથા તેને આનુષંગીક કાયદા,હેઠળ કરવામાં આવેલ હુકમનામા ના આધારે અપીલ ની કાયવાહી થયેલ તેવી બાબત રહેલ હતી.

(યુ)૨૦૦૦(૩)જી એલ એચ ૯ (નલીનીબહેન એલ પટેલ વિ જશોદાબહેન સી પટેલના વારસો) માં વીલના આધારે દાખલ થયેલ પ્રોબેટ અરજીમાં વીલ શંકાજનક લાગે તો,પ્રોબેટ મંજુર નહી કરવા જણાવેલ હતું.

(વી)૧૯૮૨ જી.એલ.એચ ૯૫૪ (બાબુલાલ વિ એમ એસ હજારીલાલ કીશોરી લાલ અને બીજા) ના કિસ્સામાં નામદાર સુપ્રિમ કોટ ધ્વારા ટી પી એકટ કલમ ૫૫ સ્પેશીફીક રીલીફ એકટ કલમ ૨૨(૧), ૨૮(૩), ૨૩ તથા સીવીલ કોર્ટ દવારા જો કોઈ હુકમમા અનીયમીતતા હોય તો શુ કાર્યવાહી કરવી જોઈએ તે બાબતેના સિધ્ધાંત પ્રતિપાદીત કરેલ હતા. જે ચુકાદો પણ વાદીપક્ષે લાગુ પડી શકે તમ ન હોવાનુ જણાય છે.

(ડબલ્યુ)૨૦૦૪(૦)એ.આઈ.જે. ડી.એલ. ૧૩૨૩૦૬૫ (એમ.એસ.ઈન્ડીયન પોટાશ લી.) વીરુધ્ધ પોટાશ રીસર્ચ ઈન્સ્ટીટયુટ ઓફઈન્ડીયા દીલ્હી હાઈકોર્ટના કીસ્સામાં વાદી દવારા ડેકલેરેશન તથા પરમેનેન્ટ ઈન્જેકશનનો દાવો દાખલ કરવામા આવેલ હતો જે કીસ્સામાં સ્પેશીફીક પરફોમન્સની તકરાર હતી નહી તેવા સંજોગોમા રીસીવરની નિમણુક કરેલ હતી. તેમજ આ ચુકાદામા પ્રતિવાદી નં. ૨ તરીકે રહેલ વ્યકિતની નિમણુક મેમોરેન્ડમ અને આર્ટીકલ ઓફ સોસાયટીન નિયમો વીરુધ્ધ જઈ નિમણુક કરવામા આવેલ હોવાની હકીકત રહેલી.

(એકસ)૧૯૮૬ જી.એલ.એચ. ૮૧૮ (શિવરામઅન્તેઈસ શેટ્ટી વી. ચમનલાલા અંબાલાલ ત્રિવેદી) ના કીસ્સામાં નામદાર ગુજરાત હાઈકોટર્શ્રે દવારા ઓર્ડર–૩૯–૧,૨ તથા ઓર્ડર–૪૦ તથા નિયમ–૧ બાબતે ચર્ચા કરેલ હતી. જે કીસ્સામા પક્ષકારો વચ્ચે દુકાનની માલીકી કબજા બાબતેની તકરાર રહેલ હતી. જયારે ગુજરાત નામદાર હાઈકોર્ટ દવારા એકતરફી હુકમ ઉઠાવી લેતો હુકમ સેટેસાઈડ કરવામા આવેલ.

(વાય)૨૦૦૯ (૩) જી.એલ.એચ.૧૭૫ (હરીશભાઈ કાંતીલાલ શાહ વીરુધ્ધ ઈસ્માલભાઈ દાદાભાઈ પટેલ) ના કીસ્સામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા રીસીવર નિમવા બાબતે પાંચ મુદાઓ ઘ્યાને લેવા ઠરાવેલ હતુ. જે મુદાઓ ઘ્યાને લેતા નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા કોઈપણ મીલકત બાબતે રીસીવરની નિમણુક કરેલી કે કેમ? તે સંપૂર્ણપણે અદાલતની અંતર્ગત સત્તા હોવાનુ ઠરાવેલુ, વાદી દવારા સફળ કરવાના પુરતા પુરાવા પ્રથમદર્શનીય રીતે રજુ કરવામા ન આવ્યા હોય તો રીસીવરની નિમણુક નહી કરવા અને મીલકત બાબતે કરવામા આવતી કાર્યવાહી વાદીના હકક હીત વીરુધ્ધની હોવાની વાદીએ દર્શાવવુ પડે તેમજ વાદીએ મીલકત બાબતે તાત્કાલીક સ્વરુપની હાનિ નુકશાન થવાની સંભાવના છે તેવુ દર્શાવેલુ હોવુ જોઈએ અને વાદીના પોતાના હકક વ્યાજબી રીતે ચોખ્ખા અને આક્ષેપોથી પર હોવાનુ રેકર્ડ ઉપર આવેલ હોવુ જોઈએ અને રીસીવરની નિમણુકથીજ ડી.ફેકટનુ પજેશન છીનવાઈ જાય તેમ હોય તો,અને રીસીવરની અરજી નિર્ણીત કરતા સમયે અરજી રજુ કરનાર પક્ષકારનુ વર્તન ઘ્યાને લઈ રીસીવરની નિમણુક કરવી જોઈએ નહી તેવા સિધ્ધાંતો પ્રતિપાદીત કરેલ હતા. હાલના કીસ્સામા મીલકતની ઓળખ બાબતે તેમજ વાદીના દાવાનુ સ્વરુપ જોતા એગ્રીમેન્ટ ટુ સેલના આધારે દવાો દાખલ થયેલ હોય, એગ્રીમેન્ટ ટુ સેલ કોઈપણ મીલકતમા હકક–હીત,ટાઈટલ ઉતપન્ન કરી શકે તેમ ન હોય તેવા સંજોગોમા આ ચુકાદો પણ વાદીપક્ષે લાગુ પડી શકે તેમ નથી.

(ઝે)૧૯૯૭ (૦) જી.એલ.એચ.ઈ.એલ. ૧૧૭૦ (અમરીશ ઈલાચંદ વીરુધ્ધ ઈન્ડીયન કોમર્શીયલ કંપની) ના કીસ્સામાં નામદાર સુપ્રિમકોર્ટ દવારા સ્પેશીફીક રીલીફ એકટની કલમ–૬ હેઠળ દાવો દાખલ થયેલ હતો આ દાવો વાદી દવારા દાવાવાળી મીલકતના સંયુકત કબજામાંથી વંચિત કરવામા આવતા કબજો રીસ્ટોર કરવા માટે દાખલ કરવામા આવેલ હતો. જે હકીકત પણ હાલના કેસના સંજોગોથી અલગ છે.

(ઝે–૧)સ્પે સીવીલ એપ્લીકેશન નં ૬૧૪૫/૨૦૦૮ (તારીખ ૨૪/૧/૨૦૧૪ માનનીય જસ્ટીસ આર ડી કોઠારી સાહેબ) ધ્વારા આપવામાં આવેલ અનરીપોર્ટેડ ચુકાદો રજુ કરેલ છે. જે ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પણ અનરજીસ્ટર્ડ સાટાખત ના આધારે સ્પેશીફીક પરફોર્મન્સ નો દાવો ટકવાપાત્ર હોવાનું પ્રતિપાદીત કરેલ છે જે ચુકાદામાં સ્થાપિત સિધ્ધાંત અદાલતે ધ્યાને લીધેલ છે.

(૩૪)પ્રતિવાદી નં.૧,૨ પક્ષે વિ.વકીલશ્રી દવારા રજુ થયેલ ચુકાદાઓ બાબતે ચર્ચા કરવામાં આવે તોઃ

(૧)૨૦૧૦(૩) જી એલ આર ૧૮૩૯ ડીવીજન બેન્ચ ગુજરાત હાઈકોર્ટ(કીશોરભાઈ ખાનચંદ ગોહીલ વિ મનુભાઈ પ્રભુદાસ પટેલ)નાકિસ્સામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ની મેટરમાં સને ૧૯૯૭ માં એગ્રીમેન્ટ ટુ સેલ કરવામાં આવેલ.પાર્ટ પરફોર્મન્સ ની તકરાર માન્ય રાખેલ હતી નહી.સને ૧૯૯૭ માં વેચનારે સને ૧૯૯૯ માં વાદીની જાણમાં આવે તે રીતે અન્ય વ્યકિતઓની તરફેણમાં દસ્તાવેજ કરી આપેલ,વાદી એ સને ૨૦૦૩ માં સ્પે દી દાવા નં. ૨૧૬/૦૩ દાખલ કરેલ હતો.
નામદાર ગુજરાત હાઈકોર્ટે લીમીટેશન એકટ કલમ ૫૪ અન્વયે ત્રણ વર્ષ દાવો દાખલ થયેલ હોય સમય મર્યાદા બાદ દાખલ થયેલ હોવાથી અપીલ કાઢી નાખેલ હતી.જયારે કરાર માં સમય મર્યાદા નકકી કરવામાં આવેલ ન હોય ત્યારે અદાલતે વાદીને જે તારીખે કરાર રદ થયાની જાણ થાય ત્યારથી ૩ વર્ષમાં દાવો દાખલ કરવો જોઈએ.પારા ૧૯ ની હકીકતો જોતાં,વાદીના દાવાને મદદરુપ થાય તેમ નથી.

(૨)૨૦૧૫(૩) જી એલ આર ૧૦૮૭ ગુજરાત હાઈકોર્ટ (પટેલ રમેશભાઈ ડાયાભાઈ વિ પટેલ પ્રણવ કીરીટભાઈ વંદના અને બીજા) ના કિસ્સામાં સ્પેશીફીક પરફોર્મન્સ ઓફ કોન્ટ્રાકટ કલમ ૨૦/પુરાવા અધિનીયમ કલમ ૬૫,૬૬ અન્વયે ચર્ચા કરવામાં આવેલ.પક્ષકારો વચ્ચે ઓરલ એગ્રીમેન્ટ કરવામાં આવેલ.ફાઈનલ ડીક્રી ઉપર અપીલ કરવામાં આવેલ.
પારા ૫,૫.૫,૫.૬ ,૬.૧ માં કરવામાં આવેલ કાયદાકીય સિધ્ધાંતો ધ્યાને લેતાં એગ્રીમેન્ટ ટુ સેલ ઓરલ અથવા અન્ય એટલેકે લેખીત હોય ત્યારે જમીન ની ઓળખ થવી જરુરી અને આવશ્યક છે.નામદાર હાઈકોર્ટ સમક્ષ ના કેસમાં નવ ગુંઠા જમીન ટાઉન પ્લાનીંગ એકટ હેઠળ બે ભાગમાં વહેચાયેલ હતી.સેલ પ્રાઇજ બ્લેન્ક હતી.લખાણ માં કરેકશન જોવા મળેલ હતું.માર્ક ૩/૧ થી ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ થયેલ લખાણમાં જે મિલ્કત નો કરાર કરવામાં આવેલ તેની ઓળખ સ્પષ્ટ થતી હતી નહી.મિલ્કત ના નંબર નો ઉલ્લેખ કરાર કરવામાં આવેલ હતો નહી.ચોકકસ વિસ્તાર,ચર્તુથ દીશા સ્પષ્ટ થતી હોવી જોઈએ.સ્પેશીફીક પરફોર્મન્સ ની હકુમત વાપરતા અગાઉ કરાર વેલીડ અને અમલવારી કરાવી શકાય તેવો હોવો જોઈએ.વેલીડ અને અમલવારી કરાવી શકાય તેવો કરાર ન હોય તો,વિશીષ્ટ પાલન કરાવી શકાય નહી.જો કરાર જાતે કંઈ ખામી ધરાવતો હોય તેવી ખામી કરાર ને અમલ કરાવવા પાત્ર રહેતો નથી.જે ચુકાદો પ્રતિવાદી પક્ષને મદદરુપ બને છે.

(૩)૨૦૦૭(૩) જી એલ આર ૭૯ ગુજરાત હાઈકોર્ટ (જયંતભાઈ મફાભાઈ પટેલ અને બીજા વિ દીલીપભાઈ બેચરભાઈ પટેલ અને બીજા) ના કિસ્સામાં સી પી સી ઓર્ડર ૩૯ રુલ ૧ ૨ કલમ ૧૫૧ અન્વયે કામચલાઉ મનાઈહુકમ ના સિધ્ધાંત બાબતે નામદાર અદાલતે રેકર્ડ અને અસ્તિત્વ ધરાવતા સંજોગો ને ધ્યાને લઈ કામચલાઉ મનાઈહુકમ ની અરજી નીર્ણીત કરવી જોઈએ.અદાલતે કામચલાઉ મનાઈહુકમ અરજીની નીર્ણીત કરતા સમયે પ્રથમ દર્શનીય કેસ નકકી કરતા વખતે અદાલતે કેસના મેરીટસ અને સંજોગો ને માયનુયટલી ધ્યાને લેવા જોઈએ.ચુકાદામાં અગત્યના પારા ૯,૯ (૪)(૬)(૭)(૯),૧૮ મુજબ સેલ ડીડ ના આધારે લોકલ ઓથૌરીટી ધ્વારા પરમીશન આપવામાં આવેલ હતી.વાદીએ દાવો દાખલ કરેલ ત્યારે નોધનીય બાંધકામ થઈ ચુકયું હતું.વાદીએ અનરજીસ્ટર્ડ દસ્તાવેજ ના આધારે દાવો દાખલ કરેલ હતો.કરાર કરેલ ત્યારે રુપીયા ૧ લાખ હપ્તાથી ચુકવેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો.કઈ રીતે અને કયારે એક લાખ ચુકવવામાં આવેલ તેનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો નહી.કઈ રીતે ચુકવવામાં આવેલ કઈ બેન્કમાંથી ચુકવવામાં આવેલ અથવા ઉછીના લેવામાં આવેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો નહી.વેચાણ કરાર વિશ્વસનીય હતો નહી.જે ચુકાદામાં સ્થાપિત સિધ્ધાંત અદાલતે હાલની અરજી નીર્ણીત કરતા સમયે ધ્યાને લીધેલ છે.

(૪)૨૦૧૨(૮) એસ સી સી સુ.કોર્ટ(ચર્ચ ઓફ ખ્રીસ્ત ચેરીટેબલ ટ્રસ્ટ અને એજયુકેશનલ ચેરીટેબલ સોસાયટી વિ પોન્નીમન્ન એજયુકેશનલ ટ્રસ્ટ) ૭૦૬ ના કિસ્સામાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા સ્પેશીફીક પરફોર્મન્સ ઓફ કોન્ટ્રાકટ કલમ ૯,૧૦,૧૫ અને ૧૯/સીપીસી ઓર્ડર ૭ રુલ ૧૧,૧૪ બાબતે ચર્ચા કરી, કરાર ના વિશીષ્ટ પાલનના દાવામાં પ્રિવીટી ઓફ કોન્ટ્રાકટ હોવું આવશ્યક હોવાનુ ઠરાવી,પ્રિવીટ ઓફ કોન્ટ્રાકટ ન હોવાથી દી કા અધિનીયમ હુકમ ૭ રુલ ૧૧ હેઠળ દાવો રદ કરવામાં આવેલ હોવાનું યોગ્ય ઠરાવેલ.પી ઓ એ હોલ્ડર સ્પષ્ટ રીતે સબરજીસ્ટાર સમક્ષ રજુ કરવા સમક્ષ આથોરાઈઝ હોવો જોઈએ.અને દસ્તાવેજનું એકશીકયુશન સ્વીકારતો હોવો જોઈએ.જે ચુકાદા સંદર્ભે દાવા કામે રજુ થયેલ પાવરનામું વંચાણે લેતા પાવરદારને પાવરનામુ પારા ૭ માં તમામ સતાઓ આપેલ છે.પરંતુ પ્રીવીટી ઓફ કોન્ટ્રકટ સંદભે પ્રતિપાદીત થયેલ સિધ્ધાત પ્રતિવાદી પક્ષને મદદરુપ થાય છે.

(૫)એ આઈ આર ૨૦૧૨ સુ.કોર્ટ,૨૦૬(સુરજ લેમ્પ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લી વિ સ્ટેટ ઓફ હરીયાણા અને બીજા) ના કિસ્સામાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારાટી પી એકટ કલમ ૫,૫૪,રજીસ્ટ્રેશન એકટ કલમ ૧૭,પાવર ઓફ એટર્ની કલમ ૨,વારસા અધિનીયમ કલમ ૬૩ બાબતે ચર્ચા કરવામાં આવેલ છે અને એવું પ્રતિપાદી કરવામાં આવેલ છે કે,સ્થાવર મિલ્કત કાયદેસર રીતે અને યોગ્ય રીતે રજીસ્ટર્ડ ડીડ થી થઈ શકે.જનરલ પાવર ઓફ એટર્ની સેલ અથવા સેલ એગ્રીમેન્ટ,વીલ ટ્રાન્સફર ટાઈટલ,હકક કંન્વે કરતું નથી,વેલીડ મોડ ઓફ ટ્રાન્સફર ઓફ ઇમમુબેલ પ્રોપર્ટી તરીકે ઠરાવેલ નથી.જેથી સંપુર્ણ વ્યવહાર ગણવું જોઈએ નહી.કલમ ૫૩ એ ના કિસ્સા ને બાદ કરતાં લાગુ પડશે.તેના આધારે મ્યુટેશન નોધ પાડી શકાય નહી.લીઝ હોલ્ડ,ફ્રિ હોલ્ડ મિલ્કતને પણ લાગુ પડે છે.

(૬)૨૦૦૯ એસ સી સી (૭) ૩૬૩ સુ.કોર્ટ (સુરજ લેમ્પ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લી વિ સ્ટેટ ઓફ હરીયાણા અને બીજા) ના કિસ્સામાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા રજીસ્ટ્રેશન એકટ કલમ ૧૭,૪૯ ની જોગવાઈ બાબતે ચર્ચા કરી,ફરજીયાત દસ્તાવેજની નોધણી ના હેતુ અને લાભ બાબતે ચર્ચા કરેલ છે.

(૭) ૨૦૦૮(૪)એસ સી સી ૩૦૦ (ક્રિશ્ના કુમાર બીરલા વિ રાજેન્દ્રશીગ લોઢા અને બીજા) ના કિસ્સામાં કેવીએટેબલ હીત બાબતે ચર્ચા કરેલ છે જે ચુકાદા અનુસંધાને નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા [2010] 5 SCC 157/ જગજીતસિઘં અને બીજા વિ મીસીસ પામેલ મનમોહન સિધ ના કીસ્સામાં વિશેષ ચર્ચા કરી આ બાબતે જે તે સમયે નામદાર સુપ્રિમ કોર્ટ માનનીય ચીફ જસ્ટીસશ્રી ને મેટર રીફર કરેલ હતી.

(૩૫)પ્રતિવાદી પક્ષે વિ વકીલશ્રી જી જે પરીખ ધ્વારા રજુ કરવામાં આવેલ ચુકાદા તથા ઠરાવ બાબતે ચર્ચા કરવામાં આવે તો,

(૧)મહેસુલ વિભાગ ગાંધીનગર, ઠરાવ ક્રમાંક એસટીપી/૧૨૨૦૧૦/૧૧૪૯/હ.૧ તા.૨૦/૦૭/૧૦ નો પરીપત્ર ધ્યાને લેતાં,સરકારશ્રી ધ્વારા સબરજીસ્ટાર કચેરીને વણનોધાયેલ બાનાખતને સરકારી રેકર્ડ ઉપર નહી લાવવા માર્ગદશન આપેલ છે પરંતુ અનરજીસ્ટર્ડ એગ્રીમેન્ટ ટુ સેલના આધારે દાવો ચાલી શકે તેવી કાયદાકીય જોગવાઈ પણ ધ્યાને લેવી જરુરી રહે છે.

(૨) એ.આઈ.આર.૨૦૦૭ બોમ્બે,૧૩૫ (શ્રીમતિ રેખા નારાયણ મરોટકર વિ. રામભાવ ખડગી અને બીજા.) ના કિસ્સામાં દીવાની કાર્યરીતી સંહીતા હુકમ ૩૯ રુલ ૧,૨ કલમ ૧૫૧ ની દાદ સમન્યાયી હોવાનું અને જે પક્ષકાર પોતાના હકક બાબતે સુતા રહેલ હોય, બેદકરકાર રહેલ હોય, તે આવી દાદ મેળવવા હકકદાર ન હોવાનું ઠરાવેલ છે.

(૩)એ.આઈ.આર.૨૦૦૮ સુપ્રિમકોર્ટ, ૨૨૯૧ (મંડલીકરંગપ્પા અને બીજા વીરુઘ્ઘ ટી.રામાચંન્દ્ર અને બીજા.) ના કિસ્સામાં નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષ રહેલ પાર્ટીશન બાબતેની તકરાર રહેલ અને કામચલાઉ મનાઈહુકમ ની અરજી નીર્ણીત કરતા સમયે અદાલતે પક્ષકારોનું વર્તન ધ્યાને લેવું જોઈએ તેવુ ઠરાવેલ.

(૪)એ.આઈ.આર.૨૦૦૯ એન.ઓ.સી.૨૨૬૭ બોમ્બે (રમેશ બૌધ્ધરાજ નાગપાલ વીરુઘ્ઘ શ્રીમતિ પ્રકાશકૌર સરદાર) ના કિસ્સામાં કામચલાઉ મનાઈહુકમ બાબતેના સિઘ્ધાંતો કેસના સંજોગો નજરે ચર્ચા કરેલ હતા.

(૫)રજીસ્ટ્રેશન ૨૦૦૧ કલમ–૪૯ મા થયેલ સુધારાથી પાર્ટ પરફોર્મન્સ ઓફ કોન્ટ્રાકટ ટી પી એકટ કલમ ૫૩ એ પુરતો રદ કરેલ.

(૬)એ.આઈ.આર.૨૦૦૯ સુપ્રિમકોર્ટ ૧૪૮૯, (અવીનાશકુમાર ચૌહાણ વીરુઘ્ઘ વિજયક્રિષ્ના મિશ્રા) ના કિસ્સામાં અનરજીસ્ટર્ડ સેલ ડીડના કિસ્સામાં સ્ટેમ્પ એકટ કલમ ૩૫ અન્વયે ચર્ચા કરેલ હતી.

(૭)એ.આઈ.આર. ૨૦૧૦ કલકતા ૩૨ (જગ્ગનાથ દાલી વીરુધ્ધ રામચંદ્ર મંડલ) ના કિસ્સામાં અગ્ર હકક બાબતે રજીસ્ટ્રેશન એકટ કલમ ૪૯ ની જોગાવાઈઓ બાબતે સિધ્ધાંત પ્રતિપાદીત કરવામાં આવેલ.

(૮)એ.આઈ.આર.૨૦૦૭ ગુજરાત ૧૩૬ (જેન્તીભાઈ નાથાભાઈ પટેલ વીરુધ્ધ દીલીપભાઈ બેચરભાઈ પટેલ) ના કિસ્સામાં વાદી સાથે થયેલ કરાર વિશ્વસનીય નહી જણાતા,પેમેન્ટ બાબતે ખુલાસો નહી કરી શકતાં દરમ્યાન મનાઈહુકમ આપી શકાય નહી તેવું ઠરાવેલ.

(૯)એ.આઈ.આર.૨૦૦૭ ગુજરાત ૧૩૩ (વીશ્નુ રમતાજી ઠાકોર વીરુધ્ધ અમીત પ્રણસુખલાલ પટેલ) ના કિસ્સામાં ૧૬ વર્ષ પછી દાવો દાખલ થયેલ.ખરીદનારે કઈ રીતે પૈસાની ચુકવણી કરી તે બતાવવામાં નિષ્ફળ જતાં,બાનાચીઠીના આધારે એગ્રીડ રકમ થી નેવું ટકા રકમ આપેલાનું નહી માની,કામચલાઉ મનાઈહુકમ નામંજુર કરેલ હતો.

(૧૦)૧૯૯૯(૧) જી એલ આર ૩૭૩ (ધર્મેશ ચંદ્રકાન્ત પટેલ વિ ઓફીસીયલ લીકવીડેટર ઓફ સુરત ડેરી લી) ડીવીઝન ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રહેલ કંપની એકટ ની મેટરમાં ટી પી એકટ કલમ ૫૪ અન્વયે એગ્રીમેન્ટ ટુ સેલ મિલ્કતમાં કોઈ હકક હીત ઉત્પન્ન કરતુ ન હોવાનું ઠરાવેલ હતું.

(૧૦)એ.આઈ.આર.૨૦૦૮ એન.ઓ.સી.૨૬૪૪ એ.પી.(બદામ પ્રતાપ રેડ્ડી વીરુધ્ધ ચેન્નાદી જલપથી રેડ્ડી) હેડ નોટ રજુ થયેલ છે જે હેડ નોટ ધ્યાને લેતાં, વેચનાર પ્રતિવાદીઓ ને નોટીસ આપ્યા વિના દાખલ થયેલ દાવો રદ થવા પાત્ર હોવાનું ઠરાવેલ.

(૧૧)એ આઈ આર ૨૦૧૦ કલકતા ૪૦(પ્રાઈમ ટીમ્બર્સ પ્રાઈવેટ લીમીટેડ વિ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા) ના કિસ્સામાં સરફેસી એકટ ની હકીકત રહેલ હતી.

ઉપરોકત હકીકતે દાવા કામે પક્ષકારો વચ્ચે મિલ્કતની આઈડેન્ટીટી બાબતે સ્પષ્ટ તકરાર હોય,જે તકરાર પુરાવા નોધ્યા વિના ચોકકસ પણે નીર્ણીત કરી શકાય તેમ ન હોય,વાદી તથા પ્રતિવાદી નં ૧૭ વચ્ચે કહેવાતા કરાર માં ચર્તુથદીશા ની વિગત,માપ સાઈઝ સ્પષ્ટ થતા ન હોય, પ્રતિવાદી નં ૧૭ ની તરફેણમાં પાવરનામું કરી આપનાર તમામ વ્યકિતઓ અવસાન પામેલ હોય,વાદી ધ્વારા પ્રતિવાદી નં ૧૭ ને સને ૧૯૯૭ માં કહેવાતા વેચાણ કરાર સમયે કરારમાં ઉલ્લેખ કરવામાં આવેલ રકમ રુપીયા નવ લાખ કેવી રીતે પ્રતિવાદી નં ૧૭ ને ચુકવવામાં આવેલ તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ થતા ન હોય,વેચાણ કરાર મુજબ રુપીયા નવ લાખ ફુલ એન્ડ ફાઈનલ એમાઉન્ટ તરીકે ચુકવ્વામાં આવ્યા બાદ દાવો દાખલ તારીખ થતા સુધી વાદી તથા પ્રતિવાદી નં ૧૭ વચ્ચે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાની હકીકત પ્રુડન્ટ મેનના બીહેવરથી વિરુધ્ધ પ્રકારની જણાતી હોય,રેકર્ડ ઉપર ચર્તુઃદીશા બાબતે કલેકટર ધ્વારા વાદગ્રસ્ત જમીન બાબતે કોઈ નીર્ણય આવેલ ન હોય, પ્રતિવાદી નં ૧૭ ધ્વારા જે તે સમયે અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ સોગંધનામા,વિથ ડ્રો પુરશીશ માં કરવામાં આવેલ વર્તન જોતાં કયા કારણોસર પોતે વાદી સાથે થયેલ કરાર ની હકીકત છુપાવેલ તે બાબતે કોઈ ખુલાસો પોતાની લેખીત દલીલમાં કરવામાં આવેલ ન હોય,એગ્રીમેન્ટ ટુ સેલ થી કાયદેસરના હકક સ્થાપિત થતાં ન હોય,તેવા સંજોગોમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ ન હોય,પ્રતિવાદી નં ૧ ૨ પક્ષે માર્ક ૧૩/૧ થી ૧૩/૧૪ રજુ કરવામાં

આવેલ દસ્તાવેજી પુરાવાઓ જોતાં,રજીસ્ટર્ડ દસ્તાવેજથી સને ૨૦૧૧ માં જમીન ખરીદ કરી,વિકાસ પરવાનગી મેળવી, લે આઉટ મંજુર કરાવી,માપણી કરાવી કાર્યવાહી કરવામાં આવી રહેલ હોય,મનાઈહુકમ મંજુર કરવાથી વાદી કરતા પ્રતિવાદીઓને નાણામાં ન વાળી શકાય તેવું નુકશાન જવાની સંભાવના હોય,અગવડતા સગવડતાનું પલ્લું પણ વાદીની તરફેણમાં ન હોય,દાવા કામે કોર્ટ કમિશ્નરશ્રી મારફતે કરાવાવમાં આવેલ પંચ રોજકામ,નકશો (માર્ક એ) જોતાં સ્થાનિક જગ્યાએ અમુક જમીન ખાલી હોવાનું,અમુક લીમડાના ઝાડ હોવાની નોધ કરવામાં આવેલ છે પરંતુ કરાર વાળી જમીન આ જ છે કે કેમ તે કોર્ટ કમિશ્નરશ્રીના પંચનામાથી અનુમાન કરી શકાય તેમ ન હોય અને કરારના આધારે આ જગ્યા વાદીના કબજામાં હોવાનું દર્શાવવા કોઈ દસ્તાવેજી આધાર રજુ થયેલ ન હોય, ત્યારે પ્ર તિવાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઈહુકમ તેમજ વાદગ્રસ્ત જગ્યાએ ખુલ્લી રહેલ જમીન બાબતે યથાવત પરીસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરવો ન્યાયી ઉચીત જણાતો ન હોય, વાદીના સબસ્ટેશીયલ રાઈટસ એસ્ટાબ્લીશ થયેલ ન હોય,દાવાનું સ્વરુપ જોતાં રીસીવર ની નીમણુંક કરતો હુકમ કરવાથી ડી ફેકટો કબજામાં રહેલ વ્યકીત કબજા થી વંચીત થાય તેમ હોય,મુદા નં ૧ થી ૩ નો ઉતર નકારમાં ઠરાવી,વાદીની દરમ્યાન મનાઈહુકમની અરજી મંજુર કરવા પાત્ર ન હોય,નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>// હુ ક મ//</u>

(૧)વાદીની દરમ્યાન મનાઈહુકમ મેળવવાની આંક પની અરજી તથા આંક ૬ થી રીસીવર નીમવાની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) ઓપરેટીવ હુકમ આંક ૬ ની અરજી નીચે રાખવો.

(૩)ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ ૧૫ મી,માહે ફેબ્રુઆરી સને ૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળઃભાવનગર.
તા.૧૫/૦૨/૨૦૧૬.

(અર્ચિતકુમાર નિલમકુમાર વોરા)
૧૪મા એડીશનલ સીનીયર સિવિલ જજ,
ભાવનગર.
<u>જીજે૦૦૮૪૯.</u>

(બી.બી.ગોસાઈ,પી.એ.)